तत्व ज्ञान.

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણિત

તત્ત્વ જ્ઞાન

માંથી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મુમુક્ષુ

શ્રી લક્ષ્મી પ્રિન્ટીંગ પ્રેસ ત્રણ દરવાજા

અમદાવાદ.

આવૃતી બીજી પ્રત ૧૫૦૦

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

અહો, સત્પુરૂષનાં વચનામૃત ! મુદ્રા અને સત્સમાગમથી સુલભ ચેતનને જાગ્રત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શન માત્રથી નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વસ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ, અને પૂર્ણ વિતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણ-ભૂત-છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર, ત્રિકાળ જયવંત વર્તો.

સંવત ૧૯૫૬.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ૐ

જગદ્ ભૂષણ જીનવરા, જગદ્ વંદ્ય જગમાંય,
યજ્ઞ કર્મના દુષણને, પાવન કરો પળમાંય.

સ્વધર્મ બંધુ,

કીધાં હશે કુકર્મ દેહે, તમપ્રતિ, આ વરસમાં,
છોડયાં હશે વળી વાક્શસ્ત્રો, તમપ્રતિ, આ વરસમાં;
ચીંતવ્યું હશે બુરૂં તમારૂં મનમહીં આ વરસમાં,
દોષ અગણિત મમ થકી એવા થયા, આ વરસમાં.

દોષનો દેણદાર હું, દેવું પતાવા મરૂં મથી,
માફી મુડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રેવી નથી;
બાંધવ બની બંધ વાળજો, હિસાબ એ મુડી થકી,
જંજીર જડેલાં હાલ તોડો, કાળ મૃત્યુ છે નકી.

સ્મૃતિનું સરોવર જોઇએ તેવું નિર્મળ નહીં હોવાથી જન્મ પામેલી 'હશે' એવી ઉડાઉ કબુલાત માફીની પરમ જીજ્ઞાસાને લેશ પણ ક્ષીણ કરતી નથી એમ વિચારશો.

દોષના દાવાનળને બુઝાવનાર પરમ શિતળમય પર્વનો અદ્ભુત અનુભવ માત્ર દોષરહિત વિરલાનેજ થાય; મમ જેવા રાંકને શું !

એજ નામું માંડી વાળવાની વિનંતી.

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત

તત્વ જ્ઞાન

માંથી

પુષ્પમાળા.

---

૧ રાત્રિ વ્યતીક્રમી ગઈ, પ્રભાત થયો; નિદ્રાથી મુક્ત થવા ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.

૨ વ્યતીત રાત્રિ અને ગયા જીંદગી પર દૃષ્ટિ ફેરવી જાઓ.

૩ સફળ થયેલા વખતને માટે આનંદ માનો, અને આજનો દિવસ પણ સફળ કરો. નિષ્ફળ થયેલા દિવસને માટે પશ્ચાત્તાપ કરી નિષ્ફળતા વિસ્મૃત કરો.

૪ ક્ષણુ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો છતાં સિદ્ધિ થઈ નહીં.

૫ સફળજન્ય એકકે બનાવ તારાથી જો ન બન્યો હોય તો ફરી ફરીને શરમા.

૬ અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઇને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

૭ જો તું સ્વતંત્ર હોય તો સંસાર-સમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ.

૧ પ્રહર—ભક્તિકર્તવ્ય.
૫ પ્રહર—ધર્મકર્તવ્ય.
૧ પ્રહર—આહારપ્રયોજન.
૧ પ્રહર—વિદ્યાપ્રયોજન.
૨ પ્રહર—નિદ્રા.
૨ પ્રહર—સંસારપ્રયોજન.

૮ જો તું ત્યાગી હોય તો ત્વચા વગરની વનિતાનું સ્વરૂપ વિચારીને સંસાર ભણી દૃષ્ટિ કરજે.

૯ જો તને ધર્મનું અસ્તિત્વ અનુકૂળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજે. તું જે સ્થિતિ ભોગવે છે, તે શા પ્રમાણથી? આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી? તું જે ઇચ્છે છે તે શા માટે મળતું નથી? ચિત્રવિચિત્રતાનું પ્રયોજન શું છે?

૧૦ જો તને અસ્તિત્વ પ્રમાણભૂત લાગતું હોય અને તેના મૂળતત્ત્વની આશંકા હોય તો નીચે કહું છું. સર્વ પ્રાણીમાં સમદૃષ્ટિ,—

૧૧ કિંવા, કોઈ પ્રાણીને જીવિત રહિત કરવું નહીં, ગજા ઉપરાંત તેનાથી કામ લેવું નહીં.

૧૨ કિંવા, સત્પુરૂષો જે રસ્તે ચાલ્યા તે.

૧૩ મૂળતત્ત્વમાં કયાંય ભેદ નથી, માત્ર દૃષ્ટિમાં ભેદ છે; એમ ગણી આશય સમજી પવિત્ર ધર્મમાં પ્રવર્તન કરજે.

૧૪ તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય એ કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

૧૫ ગમે તેટલો પરતંત્ર હો તોપણ મનથી પવિત્રતાને વિસ્મરણ કર્યા વગર આજનો દિવસ રમણીય કરજે.

૧૬ આજે જો તું દુષ્કૃતમાં દોરાતો હો તો મરણને સ્મર.

૧૭ તારા દુઃખ સુખના બનાવોની નોંધ આજે કોઇને દુઃખ આપવા તત્પર થાય તો સંભારી જા.

૧૮ રાજા હો કે રંક હો-ગમે તે હો, પરંતુ

આ વિચાર વિચારી સદાચાર ભણી આવજો કે આ કાયાનાં પુદ્ગળ થોડા વખતને માટે માત્ર સાડાત્રણ હાથ ભૂમિ માંગનાર છે.

૧૯ તું રાજા હો તો ફીકર નહીં, પણ પ્રમાદ ન કર, કારણ નીચમાં નીચ, અધમમાં અધમ, વ્યભિચારનો, ગર્ભપાતનો, નિર્વંશનો, ચંડાલનો, કસાઇનો અને વેશ્યાનો એવો કણ તું ખાય છે. તો પછી ?

૨૦ પ્રજાનાં દુ:ખ, અન્યાય, કર એને તપાસી જઈ આજે ઓછાં કર. તું પણ હે રાજા ! કાળને ઘેર આવેલો પરોણો છે.

૨૧ વકીલ હોતો અર્ધા અર્ધા વિચારને મનન કરી જજે.

૨૨ શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.

૨૩ ધાન્યાદિકમાં વ્યાપારથી થતી અસંખ્ય હિંસા સંભારી ન્યાયસંપન્ન વ્યાપારમાં આજે તારૂં ચિત્ત ખેંચ.

૨૪ જો તું કસાઇ હોય તો તારા જીવના સુખનો વિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૨૫ જો તું સમજણો બાલક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.

૨૬ જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.

૨૭ જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૨૮ જો તું સ્ત્રી હોય તો તારા પતિ પ્રત્યેની ધર્મકરણીને સંભાર;—દોષ થયા હોય તેની ક્ષમા યાચ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.

૨૯ જો તું કવિ હોય તો અસંભવિત પ્રશં-

સાને સંભારી જઇ આજના દિવસમાં પ્રવેશ કર.

૩૦ જો તું કૃપણુ હોય તો,—

૩૧ જો તું અમલમસ્ત હોય તો નેપોલિયન બોનાપાર્ટનું બન્ને સ્થિતિથી સ્મરણ કર.

૩૨ ગઇ કાલે કોઇ કૃત અપૂર્ણ રહ્યું હોય તો પૂર્ણ કરવાનો સુવિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૩ આજે કોઇ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૪ પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૫ અઘોર કર્મ કરવામાં આજે તારે પડવું હોય તો રાજપુત્ર હો તો પણ ભિક્ષાચા-

રી માન્ય કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૬ ભાગ્યશાળી હો તો તેના આનંદમાં બીજાને ભાગ્યશાળી કરજે, પરંતુ દુર્ભાગ્યશાલી હો તો અન્યનું બુરૂં કરતાં રોકાઇ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૭ ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષ દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૮ અનુચર હો તો પ્રિયમાં પ્રિય એવા શારીરના નિભાવનાર તારા અધિરાજની નિમકહલાલી ઇચ્છી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૯ દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૦ દુઃખી હો તો આજીવિકા (આજની)

જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૧ ધર્મકરણીનો અવશ્ય વખત મેળવી આજની વ્યવહારસિદ્ધિમાં તું પ્રવેશ કરજે.

૪૨ કદાપિ પ્રથમ પ્રવેશે અનુકૂળતા ન હોય તો પણ રોજ જતા દિવસનું સ્વરૂપ વિચારી આજે ગમે ત્યારે પણ તે પવિત્ર વસ્તુનું મનન કરજે.

૪૩ આહાર, વિહાર, નિહાર એ સંબંધીની તારી પ્રક્રિયા તપાસી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૪ તું કારીગર હો તો આળસનો અને શક્તિના ગેર ઉપયોગનો વિચાર કરી જઇ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૫ તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાય સંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.

૪૬ એ સ્મૃતિ ગ્રહણ કર્યા પછી શૌચ ક્રિયા યુક્ત થઇ ભગવદ્ભક્તિમાં લીન થઇ ક્ષમાપના લાચ.

૪૭ સંસાર પ્રયોજનમાં જો તું તારા હિતને અર્થે અમુક સમુદાયનું અહિત કરી નાખતો હો તો અટકજે.

૪૮ જુલમીને, કામીને, અનાડીને ઉત્તેજન આપતો હો તો અટકજે.

૪૯ ઓછામાં ઓછો પણ અર્ધ પ્રહર ધર્મ કર્ત્તવ્ય અને વિદ્યાસંપત્તિમાં ગ્રાહ્ય ગણજે.

૫૦ જીંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જીંદગી લાંબી લાગશે.

૫૨ સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી ઇત્યાદિ બધાં સુખ તારે ઘેર હોય તોપણ એ સુખમાં ગૌણતાએ દુઃખ રહ્યું છે, એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.

૫૨ પવિત્રતાનું મૂળ સદાચાર છે.

૫૩ મન તુરંગી થઈ જતું જાળવવાને,—

૫૪ વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઇ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૫૫ કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે “ હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનું છું ? ” એમ આજે વિચારજે.

૫૬ તારે હાથે કોઇની આજીવિકા આજે તૂટવાની હોય તો,—

૫૭ આહારક્રિયામાં હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો.

૫૮ જો આજે દિવસે તને સુવાનું મન થાય, તો તે વખતે ઈશ્વરભક્તિ પરાયણ થજે, કે સત્‌શાસ્ત્રનો લાભ લઈ લેજે.—

૫૯ હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તોપણ અભ્યાસ સર્વનો ઉપાય છે.

૬૦ ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે.

૬૧ તેમ નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે ? એ વિચાર તત્ત્વજ્ઞાનીઓ કરે છે.

૬૨ મહારંભી-હિંસાયુક્ત-વ્યાપારમાં આજે પડવું પડતું હોય તો અટકજે.

૬૩ બહોળી લક્ષ્મી મળતાં છતાં આજે અન્યાયથી કોઇનો જીવ જતો હોય તો અટકજે.

૬૪ વખત અમૂલ્ય છે-એ વાત વિચારી આજના દિવસની ૨૧૬૦૦ વિપળનો ઉપયોગ કરજે.

૬૫ વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે માટે

જંજાળ મોહિનીથી આજે અભ્યંતર મોહિની વધારીશ નહીં.

૬૬ નવરાશનો દિવસ હોય તો આગળ કહેલી સ્વતંત્રતા પ્રમાણે ચાલજે.

૬૭ કોઇ પ્રકારની નિષ્પાપી ગમ્મત કિંવા અન્ય કંઇ નિષ્પાપી સાધન આજની આનંદનીયતાને માટે શોધજે.

૬૮ સુયોજક કૃત્ય કરવામાં દોરાતું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી. કારણ આજ જેવો મંગળદાયક દિવસ બીજો નથી.

૬૯ અધિકારી હો તોપણ પ્રજાહિત ભૂલીશ નહીં, કારણ જેનું (રાજાનું) તું લુણ ખાય છે, તે પણ પ્રજાના માનીતા નોકર છે.

૭૦ વ્યવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્પતિજ્ઞા લઇ આજના દિવસમાં વર્તજે.

૭૧ સાયંકાળ થયા પછી વિશેષ શાન્તિ લેજે.

૭૨ આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન અણાય તોજ વારતવિક વિચક્ષણતા ગણાય:

૧ આરોગ્યતા.	૨ મહત્તા.
૩ પવિત્રતા.	૪ ફરજ.

૭૩ જો આજે તારાથી કોઇ મહાન્ કામ થતું હોય તો તારાં સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.

૭૪ કરજ એ નીચ રજ (ક+રજ) છે, કરજ એ યમના હાથથી નીપજેલી વસ્તુ છે, (કર+જ) કર એ રાક્ષસી રાજાના જુલમી કરને ધરાવનાર છે. એ હોય તો આજે ઉતારજે, અને નવું કરતાં અટકજે.

૭૫ દિવસ સંબંધી કૃત્યનો ગણિત ભાગ હવે જોઇ જા.

૭૬ સવારે સ્મૃતિ આપી છે, છતાં કંઇ અ-

યોગ્ય થયું હોય તો પશ્ચાત્તાપ કર અને શિક્ષા લે.

૭૭ કંઇ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હોતો આનંદ માની નિરભિમાની રહે.

૭૮ જાણતાં અજાણતાં પણ વિપરીત થયું હોય તો હવે તે માટે અટકજે.

૭૯ વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે.

૮૦ આજ જેવો ઉત્તમ દિવસ ભોગવ્યો, તેવી તારી જીંદગી ભોગવવાને માટે તું આનંદિત થા તો જ આ૦

૮૧ આજ જે પળે તું મારી કથા મનન કરે છે, તેજ તારૂં આયુષ્ય સમજી સદ્‌વૃત્તિમાં દોરાજે.

૮૨ સત્પુરૂષ વિદૂરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.

૮૩ આજનો દિવસ સોનેરી છે, પવિત્ર છે-કૃત કૃત્ય થવારૂપ છે, એમ સત્પુરૂષોએ કહ્યું છે; માટે માન્ય કર.

૮૪ જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્નિ સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે. આત્મિક અને શારીરિક શક્તિની દિવ્યતાનું તે મૂળ છે. જ્ઞાનીઓનું એ અનુભવ સિદ્ધ વચન છે.

૮૫ તમાકુ સુંઘવા જેવું નાનું વ્યસન પણ હોય તો આજે પૂર્ણ કર.—(૦) નવિન વ્યસન કરતાં અટક.

૮૬ દેશકાલ, મિત્ર એ સઘળાંનો વિચાર સર્વ મનુષ્યે આ પ્રભાતમાં સ્વશાન્તિ અર્થે કરવો ઉચિત છે.

૮૭ આજે કેટલા સત્પુરૂષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરૂપ શું થયું ? એ ચિંતવન વિરલા પુરૂષો કરે છે.

૮૮ આજે તું ગમે તેવા ભયંકર પણ ઉત્તમ

કૃત્યમાં તત્પર હો તો નાહિમ્મત થઈશ નહીં.

૮૯ શુદ્ધ સચ્ચિદાનંદ, કરૂણામય પરમેશ્વરની ભક્તિ એ આજનાં તારા સત્કૃત્યનું જીવન છે.

૯૦ તારૂં, તારા કુટુંબનું, મિત્રનું, પુત્રનું, પત્નિનું, માતાપિતાનું, ગુરૂનું, વિદ્વાનનું, સત્પુરૂષનું યથાશક્તિ હિત, સન્માન, વિનય, લાભનું કર્ત્તવ્ય થયું હોય તો આજના દિવસની તે સુગંધ છે.

૯૧ જેને ઘેર આ દિવસ ક્લેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

૯૨ કુશલ અને કહ્યાગરા પુત્રો, આજ્ઞાવલંબની ધર્મયુક્ત અનુચરો, સદ્ગુણી સું-

દરી, સંપીલું કુટુંબ, સત્પુરૂષ જેવી પોતાની: દશા જે પુરૂષની હશે તેનો આજનો દિવસ આપણે સઘળાને વંદનીય છે.

૯૩ એ સર્વ લક્ષણસંયુક્ત થવા જે પુરૂષ વિચક્ષણતાથી પ્રયત્ન કરે છે, તેનો દિવસ આપણને માનનીય છે.

૯૪ એથી પ્રતિભાવવાળું વર્તન જ્યાં મચી રહ્યું છે, તે ઘર આપણી કટાક્ષ દૃષ્ટિની રેખા છે.

૯૫ ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરૂપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઈચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.

૯૬ કોઈએ તને કડવું કથન કહ્યું હોય તે વખતમાં સહનશીલતા-નિરૂપયોગી પણ,

૯૭ દિવસની ભૂલને માટે રાત્રે હસજે, પ-

રંતુ તેનું હસવું ફરીથી ન થાય તે લક્ષમાં રાખજે.

૯૮ આજે કંઇ બુદ્ધિપ્રભાવ વધાર્યો હોય, આત્મિક શક્તિ ઉજવાળી હોય, પવિત્ર કૃત્યની વૃદ્ધિ કરી હોય તો તે,—

૯૯ અયોગ્ય રીતે આજે તારી કોઇ શક્તિનો ઉપયોગ કરીશ નહીં;—મર્યાદલોપનથી કરવો પડે તો પાપભીરૂ રહેજે.

૧૦૦ સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઇ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.

૧૦૧ બાઇ, રાજપત્નિ હો કે દિનજનપત્નિ હો, પરંતુ મને તેની કંઇ દરકાર નથી. મર્યાદાથી વર્તતી મે તો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે.

૧૦૨ સદ્‌ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઇ !

તમને હું વંદન કરૂં છું.

૧૦૩ બહુમાન, નમ્રભાવ, વિશુદ્ધ અંતઃકરણથી પરમાત્માના ગુણ સંબંધી ચિતંવન-શ્રવણ-મનન, કીર્તન, પૂજા-અર્ચા એ જ્ઞાની પુરૂષોએ વખાણ્યાં છે, માટે આજનો દિવસ શોભાવજો.

૧૦૪ સતશીલવાન સુખી છે. દુરાચારી દુઃખી છે. એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.

૧૦૫ આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

૧૦૬

૧૦૭

૧૦૮ લાંબી ટૂંકી કે અનનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી, પવિત્રતાનાં પુષ્પોથી છવાયલી માળા પ્રભાતના વખતમાં,

સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે. વિશેષ શું કહું ?

વચનામૃત.

૧ આતો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ ઇત્યાદિ યોગ કોઇ વ્યવસ્થિત કારણને લઇને રહ્યાં છે.

૨ એકાંત ભાવી કે એકાંત ન્યાયદોષને સન્માન ન આપજો.

૩ કોઇનો પણ સમાગમ કરવો યોગ્ય નથી છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરૂષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે.

૪ કોઇને અંતઃકરણ આપશો નહીં, આપો તેનાથી ભિન્નતા રાખશો નહીં; ભિન્નતા

રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યા સમાન છે.

૫ એક ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો, અને એક ભોગ નથી ભોગવતો છતાં કર્મની વૃદ્ધિ કરે છે; એ આશ્ચર્યકારક પણ સમજવા યોગ્ય કથન છે.

૬ યોગાનુયોગે બનેલું કૃત્ય બહુ સિદ્ધિને આપે છે.

૭ આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતાં અટકશો નહીં.

૮ લોકાપવાદ સહન કરવા કે જેથી તેજ લોકો પોતે કરેલા અપવાદનો પુનઃ પશ્ચાત્તાપ કરે.

૯ હજારો ઉપદેશવચનો સાંભળવા કરતાં તેમાંનાં થોડાં વચનો પણ વિચારવાં તે વિશેષ કલ્યાણકારી છે.

૧૦ નિયમથી કરેલું કામ ત્વરાથી થાય છે,

ધારેલી સિદ્ધિ આપે છે; આનંદના કારણ રૂપ થઈ પડે છે.

૧૧ જ્ઞાનીઓએ એકત્ર કરેલા અદ્દભૂત નિધિના ઉપભોગી થાઓ.

૧૨ સ્ત્રીજાતિમાં જેટલું માયાકપટ છે તેટલું ભોળપણું પણ છે.

૧૩ પઠન કરવા કરતાં મનન કરવા ભણી બહુ લક્ષ આપજો.

૧૪ મહાપુરૂષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે.

૧૫ વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો.

૧૬ મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો, સત્પુરૂષના સમાગમમાં રહો, આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો; સત્શાસ્ત્રનું મનન કરો, ઉંચી શ્રેણીમાં લક્ષ રાખો.

૧૭ એ એકે ન હોય તો સમજીને આનંદ રાખતાં શીખો.

૧૮ વર્તનમાં બાલક થાઓ, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.

૧૯ રાગ કરવો નહીં, કરવો તો સત્પુરૂષપર કરવો; દ્વેષ કરવો નહીં, કરવો તો કુશીલ પર કરવો.

૨૦ અનંતજ્ઞાન, અનંતદર્શન, અને અનંત વીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.

૨૧ મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.

૨૨ આ સંસારને શું કરવો ? અનંત વાર થયેલી માને આજે સ્ત્રીરૂપે ભોગવીએ છીએ.

૨૩ નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજો; એ લઇને ખામી આણવા કરતાં અલ્પારંભી થજો.

૨૪ સમર્થ પુરૂષો કલ્યાણનું સ્વરૂપ પોકારી પોકારીને કહી ગયા; પણ કોઇ વિરલાને જ તે યથાર્થ સમજાયું.

૨૫ સ્ત્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારવાર ચિંતવવા યોગ્ય છે.

૨૬ કુપાત્ર પણ સત્પુરૂષના મુકેલા હસ્તથી પાત્ર થાય છે. જેમ છાશથી શુદ્ધ થયેલો સોમલ શરીરને નિરોગી કરે છે.

૨૭ આત્માનું સત્યસ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદાનંદમય છે, છતાં ભ્રાંતિથી ભિન્ન ભાસે છે. જેમ ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે.

૨૮ યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં, કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં.

૨૯ અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ

શોધ્યું છે કે,—" ગુપ્ત ચમત્કારજ સૃષ્ટિના લક્ષમાં નથી. "

૩૦ રડાવીને પણ બચ્ચાંના હાથમાં રહેલો સોમલ લઇ લેવો.

૩૧ નિર્મળ અંતઃકરણથી આત્માનો વિચાર કરવો યોગ્ય છે.

૩૨ જ્યાં 'હું' માને છે ત્યાં 'તુ' નથી, જ્યાં 'તુ' માને છે ત્યાં 'હું' નથી.

૩૩ હે જીવ ! હવે ભોગથી શાંત થા, શાંત. વિચાર તો ખરો કે એમાં કયું સુખ છે?

૩૪ બહુ કંટાળીને સંસારમાં રહીશ નહીં.

૩૫ સત્જ્ઞાન અને સત્યશીળને સાથે દોરજે.

૩૬ એકથી મૈત્રી કરીશ નહીં. કર તો આખા જગતથી કરજે.

૩૭ મહા સૌંદર્યથી ભરેલી દેવાંગનાના ક્રીડા વિલાસ નિરીક્ષણ કરતા છતાં જેના અંતઃ-

કરણમાં કામથી વિશેષ વિશેષ વિરાગ ક્ષૂરે છે તેને ધન્ય છે.

૩૮ તેને ત્રિકાળ નમસ્કાર છે.

૩૯ ભોગના વખતમાં યોગ સાંભરે એ હળુકર્મિનું લક્ષણ છે.

૪૦ આટલું હોય તો હું મોક્ષની ઇચ્છા કરતો નથી: આખી સૃષ્ટિ સત્શીળને સેવે, નિયમિત આયુષ્ય, નિરોગી શરીર, અચળ પ્રેમી પ્રેમદા, :આજ્ઞાંકિત અનુચર, કુળદીપક પુત્ર, જીવન પર્યંત બાલ્યાવસ્થા, આત્મતત્ત્વનું ચિંતવન.

૪૧ એમ કોઇ કાળે થવાનું નથી, માટે હું તો મોક્ષનેજ ઇચ્છું છું.

૪૨ સૃષ્ટિ સર્વ અપેક્ષાએ અમર થશે ?

૪૩ શુકલ નિર્જનાવસ્થાને હું બહુ માન્ય કરૂં છું.

૪૪ સૃષ્ટિલીલામાં શાંતભાવથી તપશ્ચર્યા

કરવી એ પણ ઉત્તમ છે.

૪૫ એકાંતિક કથન કથનાર જ્ઞાની ન કહી શકાય.

૪૬ શુકલ અંતઃકરણ વિના મારાં કથનોને કોણ દાદ આપશે ?

૪૭ જ્ઞાતપુત્ર ભગવાનના કથનની જ બલિહારી છે.

૪૮ દેવ દેવીની તુષમાનતાને શું કરીશું ? જગતની તુષમાનતાને શું કરીશું ? તુષમાનતા સત્પુરૂષની ઇચ્છો.

૪૯ હું સચ્ચિદાનંદ પરમાત્મા છું.

૫૦ એમ સમજો કે તમે તમારા આત્માના હિત માટે પ્રવર્ત્તવાની અભિલાષા રાખતા છતાં એથી નિરાશા પ્રાપ્ત થઇ તો તે પણ તમારૂં આત્મહિત જ છે.

૫૧ તમારા શુભ વિચારમાં પાર પડો; નહીં તો સ્થિર ચિત્તથી પાર પડ્યા છો એમ સમજો.

૫૨ જ્ઞાનીઓ અંતરંગ ખેદ અને હર્ષથી રહિત હોય છે.

૫૩ જ્યાંસુધી તે તત્ત્વની પ્રાપ્તિ નહીં થાય ત્યાં સુધી મોક્ષની તાત્પર્યતા મળશે નહીં.

૫૪ સંસારરૂપી કુટુંબને ઘેર આપણો આત્મા પરૂણો દાખલ છે.

૫૫ એજ ભાગ્યશાલી, જે દુર્ભાગ્યશાલીની દયા ખાય છે.

૫૬ શુભ દ્રવ્ય એ શુભ ભાવનું નિમિત્ત મહર્ષિયો કહે છે.

૫૭ સ્થિર ચિત્ત કરીને ધર્મ અને શુકલ ધ્યાનમાં પ્રવૃત્તિ કરો.

૫૮ પરિગ્રહની મૂર્છા પાપનું મૂળ છે.

૫૯ જે કૃત્ય કરવા વખતે વ્યામોહસંયુક્ત ખેદમાં છો. અને પરિણામે પણ પસ્તાઓ છો, તો તે કૃત્યને પૂર્વકર્મનો દોષ જ્ઞાનીઓ કહે છે.

૬૦ જડભરત અને જનક વિદેહીની દશા મને પ્રાપ્ત થાઓ.

૬૧ સત્પુરૂષના અંતઃકરણે આચર્યો, કિંવા કહ્યા તે ધર્મ.

૬૨ અંતરંગ મોહગ્રંથી જેની ગઇ તે પરમાત્મા છે.

૬૩ વ્રત લઇને ઉલ્લાસિત પરિણામે ભાંગશો નહીં.

૬૪ એક નિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.

૬૫ ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભૂલ એ મિથ્યાત્વ, શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીઓએ મને આપી.

૬૬ જગત્ જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ જુઓ.

૬૭ શ્રી ગૌતમને ચાર વેદ પઠન કરેલા જોવાને શ્રીમત્ મહાવીર સ્વામીએ સમ્યક્નેત્ર આપ્યાં હતાં.

૬૮ ભગવતીમાં કહેલી પુદ્દગલ નામના પરિવ્રાજકની કથા તત્વજ્ઞાનીઓનું કહેલું સુંદર રહસ્ય છે.

૬૯ વીરનાં કહેલાં શાસ્ત્રોમાં સોનેરી વચનો છૂટક છુટક અને ગુપ્ત છે.

૭૦ સમ્યક્નેત્ર પામીને તમે ગમે તે ધર્મશાસ્ત્ર વિચારો તોપણ આત્મહિત પ્રાપ્ત થશે.

૭૧ કુદરત, આ તારો પ્રબલ અન્યાય છે કે, મારી ધારેલી નીતિએ મારો કાલ વ્યતીત કરાવતી નથી !(કુદરત તે પૂર્વકર્મ).

૭૨ માણસ પરમેશ્વર થાય છે એમ, જ્ઞાનીઓ કહે છે.

૭૩ ઉત્તરાધ્યયન નામનું જૈનસૂત્ર તત્ત્વદ્રષ્ટિએ પુનઃ પુનઃ અવલોકો.

૭૪ જીવતાં મરાય તો ફરી મરવું ન પડે. એવું મરણ ઇચ્છવા યોગ્ય છે.

૭૫ કૃતઘ્નતા જેવો એકે મહા દોષ મને લાગતો નથી.

૭૬ જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત !

૭૭ વસ્તુને વસ્તુગતે જુઓ.

૭૮ ધર્મનું મૂળ વિ૦ છે.

૭૯ તેનું નામ વિદ્યા કે જેનાથી અવિદ્યા પ્રાપ્ત ન થાય.

૮૦ વીરના એક વાક્યને પણ સમજો.

૮૧ અહંપદ, કૃતઘ્નતા, ઉત્સૂત્રપરૂપણા, અવિવેક ધર્મ એ માઠી ગતિનાં લક્ષણો છે.

૮૨ દેહ અને દેહાર્થમમત્વ એ મિથ્યાત્વ લક્ષણ છે.

૮૩ અભિનિવેશના ઉદયમાં ઉત્સૂત્ર પરૂપણા

ન થાય તેને, હું મહા ભાગ્ય જ્ઞાનીઓના કહેવાથી કહું છું.

૮૪ સ્યાદ્વાદ શૈલીએ જોતાં કોઈ મત અસત્ય નથી.

૮૫ સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.

૮૬ અભિનિવેશ જેવું એક્કે પાખંડ નથી.

૮૭ આ કાલમાં આટલું વધ્યું:—ઝાઝા મત, ઝાઝા તત્ત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહ વિશેષ.

૮૮ આખા જગત્‌ના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્‌ગુરૂ થવાને યોગ્ય નથી.

૮૯ કોઇ પણ શુદ્ધાશુદ્ધ ધર્મકરણી કરતો હોય તો તેને કરવા દો.

૯૦ આત્માનો ધર્મ આત્મામાં જ છે.

૯૧ મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું છે તે જ્ઞાન, સર્વ આત્મામાં છે, પણ આવિર્ભાવ કરવો જોઇએ.

૯૨ બહુ છકી જાઓ તોપણ મહાવીરની આજ્ઞા તોડશો નહીં. ગમે તેવી શંકા થાય તોપણ મારી વતી વીરને નિઃશંક ગણજો.

૯૩ પાર્શ્વનાથ સ્વામીનું ધ્યાન યોગીઓએ અવશ્ય સ્મરવું જોઇએ છીએ. નિઃ૦ એ નાગની છત્રછાયા વેળાનો પાર્શ્વનાથ ઓર હતો !

૯૪ પવિત્ર પુરૂષોની કૃપાદ્રષ્ટિ એ જ સમ્યક્ દર્શન છે.

૯૫ ભર્તૃહરીએ કરેલો ત્યાગ વિશુદ્ધ બુદ્ધિથી વિચારતાં ઘણી ઉર્ધ્વજ્ઞાનદશા થતાં સુધી વર્તે છે.

૯૬ શિથિલ બંધદ્રષ્ટિથી નીચે આવીને જ

વિખેરાઇ જાય. (જો નિર્જરામાં આવે તો-)

૯૭ સત્પુરૂષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરૂષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.

૯૮ સંસ્થાનવિચયધ્યાન પૂર્વધારીઓને પ્રાપ્ત થતું હશે એમ માનવું યોગ્ય લાગે છે, તમે પણ તેને ધ્યાવન કરો.

૯૯ આત્મા જેવો કોઇ દેવ નથી.

૧૦૦ કોણ ભાગ્યશાળી ? " અવિરતી સમ્યક્દૃષ્ટિ કે વિરતી ? "

૧૦૧ કોઇની આજીવિકા તોડશો નહીં.

૧ સત્પુરૂષનાં ચરણનો ઇચ્છક,—
૨ સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,—
૩ ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,—
૪ બ્રહ્મવ્રતમાં પ્રીતિ રાખનાર,—
૫ જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,—
૬ ઉપયોગથી એક પળ પણ ભરનાર,—
૭ એકાંત વાસને વખાણનાર,—
૮ તિર્થાદિ પ્રવાસનો ઉછરંગી,—
૯ આહાર, વિહાર, નિહારનો નિયમી,—
૧૦ પોતાની ગુરૂતા દબાવનાર,—

—એવો કોઈ પણ પુરૂષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્દશાને પાત્ર છે.

હે જીવ ! ભૂલમાં તને સત્ય કહું છું.
ભમા મા તને હિત કહું છું.
આ મારૂં છે એવા ભાવની વ્યાખ્યા પ્રાયે ન કર.

આ તેનું છે એમ માની ન બેસ.

આ માટે આમ કરવું છે, એ ભવિષ્ય નિર્ણય ન કરી રાખ.

આ માટે આમ ન થયું હોત તો સુખ થાત એમ સ્મરણ ન કર.

આટલું આ પ્રમાણે હોય તો સારૂં એમ આગ્રહ ન કરી રાખ.

આણે મારા પ્રતિ અનુચિત કર્યું એવું સંભારતાં ન શીખ.

આણે મારા પ્રતિ ઉચિત કર્યું એવું સ્મરણ ન રાખ.

આ મને અશુભ નિમિત્ત છે, એવો વિકલ્પ ન કર.

આ મને શુભ નિમિત્ત છે, એવી દ્રઢતા માની ન બેસ.

આ ન હોત તો હું બંધાત નહીં, એમ અચળ વ્યાખ્યા નહીં કરીશ.

પૂર્વકર્મ બળવાન છે માટે આ બધો પ્રસંગ મળી આવ્યો એવું એકાંતિક ગ્રહણ કરીશ નહીં.

પુરૂષાર્થનો જય ન થયો, એવી નિરાશા સ્મરીશ નહીં.

બીજાના દોષે તને બંધન છે એમ માનીશ નહીં.

તારે નિમિત્તે પણ બીજાને દોષ કરતો ભૂલાવ.

તારે દોષે તને બંધન છે. એ સંતની પહેલી શિક્ષા છે.

તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું.

એ બધામાં તારી લાગણી નથી, માટે જુદે જુદે સ્થળે તેં સુખની કલ્પના કરી છે, હે મૂઢ ! એમ ન કર એ તને તેં હિત કહ્યું. અંતરમાં સુખ છે.

૧ એક ભોગી થવાનો બોધ કરે છે.

૨ એક યોગી થવાનો બોધ કરે છે.

૩ એ બેમાંથી કોને સમ્મત કરીશું ?

૪ બન્ને શા માટે બોધ કરે છે ?

૫ બન્ને કોને બોધ કરે છે ?

૬ કોના પ્રેરવાથી કરે છે ?

૭ કોઇને કોઇનો અને કોઇને કોઇનો બોધ કાં લાગે છે ?

૮ એનાં કારણો શું છે ?

૯ તેનો સાક્ષી કોણ છે ?

૧૦ તમે શું વાંચ્છો છો ?

૧૧ તે ક્યાંથી મળશે ? વા શામાં છે ?

૧૨ તે કોણ મેળવશે ?

૧૩ ક્યાં થઇને લાવશો ?

૧૪ લાવવાનું કોણ શીખવશે ?

૧૫ વા શીખ્યા છેએ ?

૧૬ શીખ્યા છો તો ક્યાંથી શીખ્યા છો ?

૧૭ જીવન શું છે ?

૧૮ જીવ શું છે ?

૧૯ તમે શું છો ?

૨૦ તમારી ઇચ્છાપૂર્વક કાં નથી થતું ?

૨૧ તે કેમ કરી શકશો ?

૨૨ બાધ્વતા પ્રિય છે કે નિર્બાધ્વતા પ્રિય છે ?

૨૩ તે ક્યાં ક્યાં કેમ કેમ છે ?

૨૪ એનો નિર્ણય કરો.

અંતરમાં સુખ છે. બાહારમાં નથી સત્ય કહું છું.

નીચેના દોષ ન આવવા જોઇએ.

૧ કોઇથી મહા વિશ્વાસઘાત.
૨ કોઇની થાપણ ઓળવવી.
૩ વ્યસનનું સેવવું.
૪ મિથ્યા આળનું મુકવું.
૫ ખોટા લેખ કરવા.
૬ હિસાબમાં ચુકવવું.
૭ જુલમી ભાવ કહેવો.
૮ નિર્દોષને અલ્પ પણ માયાથી છેતરવો.
૯ ન્યૂનાધિક તોલી આપવું.
૧૦ એકને બદલે બીજું અથવા મિશ્ર કરીને આપવું.
૧૧ કર્માદાની ધંધો.
૧૨ લાંચ કે અદત્તાદાન.

એ વાટેથી કાંઇ પણ રળવું નહીં.

૧ પ્રમાદને લીધે, આત્મા મળેલું સ્વરૂપ ભૂલી જાય છે.

૨ જે જે કાળે જે જે કરવાનું છે, તેને સદા ઉપયોગમાં રાખ્યા રહો.

૩ ક્રમે કરીને પછી તેની સિદ્ધિ કરો.

૪ અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા, અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે.

૫ શ્રેષ્ઠ વસ્તુની જીજ્ઞાસા કરવી એજ આત્માની શ્રેષ્ઠતા છે; કદાપિ તે જીજ્ઞાસા પાર ન પડી તોપણ જીજ્ઞાસા તે પણ તેજ અંશવત્ છે.

૬ નવાં કર્મ બાંધવાં નહીં અને જૂનાં ભોગવી લેવાં, એવી જેની અચળ જીજ્ઞાસા છે તે, તે પ્રમાણે વર્ત્તી શકે છે.

૭ જે કૃત્યનું પરિણામ ધર્મ નથી, તે કૃત્ય

મૂળથી જ કરવાની ઇચ્છા રહેવા દેવી જોઇતી નથી.

૮ મન જો શંકાશીલ થઇ ગયું હોય તો 'દ્રવ્યાનુયોગ' વિચારવો યોગ્ય છે, પ્રમાદી થઇ ગયું હોય તો 'ચરણકરણાનુયોગ' વિચારવો યોગ્ય છે, અને કષાયી થઇ ગયું હોય તો 'ધર્મકથાનુયોગ' વિચારવો યોગ્ય છે. જડ થઇ ગયું હોય તો 'ગણિતાનુયોગ' વિચારવો યોગ્ય છે.

૯ પૃથ્વી સંબંધી કલેશ પેદા થાયતો, એમ સમજી લેજે કે, તે સાથે આવવાની નથી; ઉલટો હું તેને દેહ આપી જવાનો છું; વળી તે કંઇ મૂલ્યવાન નથી. સ્ત્રી સંબંધી કલેશ, શંકા, ભાવ થાય તો આમ સમજી અન્ય ભોક્તાપર હસજે કે, તે મળમૂત્રની ખાણમાં મોહી પડયો. (જે વસ્તુનો: નિત્ય આપણે ત્યાગ કરીએ છીએ તેમાં) ધન સંબંધી નિરાશા કે કલેશ

થાય તો, તે ઉચ્ચી જાતના કાંકરા છે એમ સમજી, સંતોષ રાખજે; તો તું ક્રમે કરીને નિસ્પૃહી થઇ શકીશ.

૧૦ તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય.

૧૧ એક વાર જો સમાધિમરણ થયું તો સર્વ કાળનાં અસમાધિ મરણ ટળશે.

૧૨ સર્વોત્તમપદ સર્વત્યાગીનું છે.

---

૧ જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સત્‌સુખનો તેને વિયોગ છે; એમ સર્વ ધર્મસમ્મત કહ્યું છે.

૨ પોતાને ભૂલીગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે; એમ નિ:શંક માનવું.

૩ જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઇએ, એ સ્વભાવિક સમજાય છે; છતાં

લોકો લજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આ-
શ્રય છોડતા નથી; એજ અનંતાનુબંધી
કષાયનું મૂળ છે.

૪ જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી તેણે, જ્ઞા-
નીની ઇચ્છાએ વર્તવું એમ જીનાગમાદિ
સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્ર-
વર્તતાં અનાદિ કાળથી રખડયો.

૫ જ્યાંસુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એ-
ટલે આજ્ઞાએ નહીં વર્તાય ત્યાંસુધી, અ-
જ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬ જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે
કે જે એક નિષ્ઠાએ તન, મન, ધનથી
આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં
જોડાય.

૭ જો કે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ
મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ
પરિણમતો નથી; અને મનન તથા નિ-

દેહાધ્યાસનાદિનો હેતુ થતો નથી; માટે મુમુક્ષુને જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્ત્તવ્ય છે, એમ સત્પુરૂષોએ કહ્યું છે.

૯ રૂષભદેવજીએ અઠાણું પુત્રોને ત્વરાથી મોક્ષ થવાનો એજ ઉપદેશ કર્યો હતો.

૧૦ પરિક્ષિત્ રાજાને શુકદેવજીએ એજ ઉપદેશ કર્યો છે.

૧૧ અનંત કાળસુધી જીવ નિજછંદે ચાલી પરિશ્રમ કરે, તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીથી આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

૧૨ શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે, અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઇએ.

એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર.
ઋજુસુત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર.
નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર.
એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.
સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા.
એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.
વ્યવહાર દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.
એવંભૂત દૃષ્ટિથી વ્યવહારવિનિવૃત્તિ કર.
શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.
એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર.
સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક.
એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર.
એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા.
એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

જેને મૃત્યુની સાથે મિત્રતા હોય, અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હોય, અથવા 'હું નહીંજ મરૂ" એમ જેને નિશ્ચય હોય તે ભલે સુખે સુએ.—શ્રી તીર્થંકર—છ જીવનિકાય અધ્યયન.

બાહ્યભાવે જગત્માં વર્ત્તો અને અંતરંગમાં એકાંત શીતળીભૂત-નિર્લેપ-રહો; એજ માન્યતા અને બોધના છે.

ગમે તેટલી વિપત્તિઓ પડે, તથાપિ જ્ઞાનીદ્વારા સંસારિક ફળની ઇચ્છા કરવી યોગ્ય નથી.

જેને કોઇપણ પ્રત્યે રાગ દ્વેષ રહ્યા નથી તે મહાત્માને વારંવાર નમસ્કાર.

પરમ ભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી, અને પરમદ્વેષથી પરિષહ ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી, તે પુરૂષરૂપ ભગવાન્ને વારંવાર નમસ્કાર.

વિષમભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયાં છતાં જે જ્ઞાની પુરૂષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્ત્તે છે, અને ભવિષ્યકાળે વર્ત્તે તે સર્વને વારંવાર નમસ્કાર.

જગતમાં નિરાગીત્વ, વિનયતા અને સત્પુરૂષની આજ્ઞા એ નહીં મળવાથી આ આત્મા અનાદિકાળથી રખડ્યો; પણ નિરૂપાયતા થઇ તે થઈ. હવે આપણે પુરૂષાર્થ કરવું ઉચિત છે; જય થાઓ.

પરમાત્માને ધ્યાવાથી પરમાત્મા થવાય છે, પણ તે ધ્યાવન, આત્મા સત્પુરૂષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી; એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્તમ વચનામૃત છે.

'તેને મોહશો ? અને તેને શોક શો ? કે જે સર્વત્ર એકત્વ (પરમાત્મ સ્વરૂપ) ને જ જુએ છે.'

જેની પ્રાપ્તિ પછી અનંતકાળનું યાચકપણું મટી, સર્વ કાળને માટે અયાચકપણું

પ્રાપ્ત હોય છે, એવો જો કોઈ હોય, તો, તે તરણ તારણ જાણીએ છીએ; તેને ભજો.

સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે !

જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી, મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે.

સહજ.

જે પુરૂષ આ ગ્રંથમાં સહજ નોંધ કરે છે, તે પુરૂષ માટે પ્રથમ સહજ તે પુરૂષ લખે છે.

તેની હમણાં એવી દશા અંતરમાં રહી છે કે કાંઈક વિના સર્વ સંસારી ઈચ્છાની પણ તેણે વિસ્મૃતિ કરી નાખી છે.

તે કંઇ પામ્યો પણ છે, અને પૂર્ણનો પરમ મુમુક્ષુ છે. છેલ્લા માર્ગનો નિઃશંક જીજ્ઞાસુ છે.

હમણા જે આવરણો તેને ઉદય આવ્યાં છે, તે આવરણોથી એને ખેદ નથી, પરંતુ

વસ્તુભાવમાં થતી મંદતાનો ખેદ છે.

તે ધર્મની વિધિ, અર્થની વિધિ, કામની વિધિ, અને તેને આધારે મોક્ષની વિધિને પ્રકાશી શકે તેવો છે. ઘણાજ થોડા પુરૂષોને પ્રાપ્ત થયો હશે એવો એ કાળનો ક્ષયોપશમી પુરૂષ છે.

તેને પોતાની સ્મૃતિ માટે ગર્વ નથી, તર્ક માટે ગર્વ નથી, તેમ તે માટે તેનો પક્ષપાત પણ નથી; તેમ છતાં કંઇક બહાર રાખવું પડે છે તેને માટે ખેદ છે.

તેનું અત્યારે એક વિષય વિના બીજા વિષય પ્રતિ ઠેકાણું નથી. તે પુરૂષ જોકે તીક્ષ્ણ ઉપયોગવાળો છે; તથાપિ તે તિક્ષ્ણ ઉપયોગ બીજા કોઇપણ વિષયમાં વાપરવા તે પ્રીતિ ધરાવતો નથી.

'અનંતાનુબંધી' નો બીજો પ્રકાર લખ્યો છે તે વિષે વિશેષાર્થ નીચે લખ્યાથી જાણશો:-

ઉદયથી અથવા ઉદાસભાવ સંયુક્ત મંદ

પરિણત બુદ્ધિથી ભોગાદિને વિષે પ્રવૃત્તિ થાય ત્યાં સુધીમાં જ્ઞાનીની આજ્ઞાપર પગ મુકીને પ્રવૃત્તિ થઇ ન સંભવે, પણ જ્યાં ભોગાદિને વિષે તીવ્ર-તન્મયપણે-પ્રવૃત્તિ થાય ત્યાં, જ્ઞાનીની આજ્ઞાની કંઇ અંકુશતા સંભવે નહીં, નિર્ભયપણે ભોગ પ્રવૃતિ સંભવે. જે નિર્ધ્વંશ પરિણામ કહ્યાં છે, તેવાં પરિણામ વર્ત્તે ત્યાં પણ 'અનંતાનુંબંધી' સંભવે છે. તેમજ 'હું સમજું છું, મને બાધ નથી એવાને એવા બ્રહ્મમાં રહે; અને 'ભોગથી નિવૃત્તિ ઘટે છે;' અને વળી કંઇ પુરૂષત્વ કરે તો થઇ શકવા યોગ્ય છતાં પણ મિથ્યાજ્ઞાનથી જ્ઞાનદશા માની ભોગાદિકમાં પ્રવર્ત્તના કરે ત્યાં પણ 'અનંતાનુંબંધી' સંભવે છે. જાગૃતમાં જેમ ઉપયોગનું શુદ્ધપણું, થાય તેમ તેમ સ્વપ્નદશાનું પરિક્ષીણ પણું સંભવે.

મુંબઇ, અશાડ વદ ૦)), ૧૯૫૨.

સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા, અને પરવૃત્તિમાં વર્ત્યું જાય છે. તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય ?

આવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવો યોગ્ય નથી; અને કંઇપણ તેમ થયા કરે છે. તેનો ઉપાય કંઇ વિશેષે કરી ગવેષવા યોગ્ય છે.

જ્ઞાની પુરૂષનો નિશ્ચય થઇ, અંતર્ભેદ ન રહે, તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે, એવું જ્ઞાની પોકારી ગયા છતાં કેમ લોકો ભૂલે છે?

મુંબઇ આશો શુદ ૧૩, સોમ, ૧૯૫૧.

નીચેના નિયમોપર બહુ લક્ષ અપાવું જોઇએ.

૧ એક વાત કરતાં તેની અપૂર્ણતામાં અવશ્યવિના બીજી વાત ન કરવી જોઇએ.

૨ કહેનારની વાત પૂર્ણ સાંભળવી જોઇએ.

૩ પોતે ધીરજથી તેનો સદ્-ઉત્તર આપવો જોઇએ.

૪ જેમાં આત્મશ્લાઘા કે આત્મહાનિ ન

હોય તે વાત ઉચ્ચારવી જોઈએ.

૫ ધર્મ સંબંધી હમણા બહુજ ઓછી વાત કરવી

૬ લોકોથી ધર્મવ્યવહારમાં પડવું નહિ.

કાવ્ય.

મંત્ર તંત્ર ઔષધ નહી, જેથી પાપ પળાય;
વીતરાગ વાણી વીના અવર ન કોઈ ઉપાય.

વચનામ્રત વીતરાગનાં પર્મશાંત રસ મુળ;
ઔષધ તે ભવ રોગનાં, કાયરને પ્રતિકુળ.

જ્ઞાની કે અજ્ઞાનીજન, સુખ દુઃખ રહિત ન કોય.
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.

નથી ધર્યો દેહ વીષય વધારવા,
નથી ધર્યો દેહ પરીગ્રહ ધારવા.

જન્મ જરાને મૃત્યુ મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેના બે કહ્યા, રાગદ્વેષ અણહેતુ.

જડને ચૈતન્ય બન્ને દ્રવ્ય તો સ્વભાવ ભિન્ન,
સુપ્રતિતપણે બન્ને જેને સમજાય છે.
સ્વરૂપ ચેતન નિજ જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્ય માંય છે.
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે.
કાયાની વિસારી માયા સ્વરૂપે સમાયા એવા,
નિગ્રંથનો પંથ ભવ અન્તનો ઉપાય છે.

દેહ જીવ એક રૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃતિ તેથી તેમ પણ થાય છે.
જીવની ઉત્પત્તિ અને રોગ શોક દુઃખ મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે.
એવો જે અનાદિ એક રૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનિના વચન વડે દૂર થઈ જાય છે.
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

ભાઇ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે:—

૧ દેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે? તે સુખી છે કે દુ:ખી? એ સંભારી લે.

૨ દુ:ખ લાગશે જ, અને દુ:ખના કારણો પણ તને દ્રષ્ટિગોચર થશે, તેમ છતાં કદાપિ ન થાય તો મારા૦ કોઇ ભાગને વાંચી જા, એટલે સિદ્ધ થશે; તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે તેથી બાહ્યાભ્યંતર રહિત થવું.

૩ રહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે, એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.

૪ તે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છે. "નિર્ગ્રંથ સદ્દગુરૂનાં ચરણમાં જઇને પડવું યોગ્ય છે."

૫ જેવા ભાવથી થવાય તેવા ભાવથી સર્વ કાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી

લે. જો તને પૂર્વ કર્મ બળવાન લાગતાં હોય તો અત્યાગી, દેશત્યાગી, રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.

૬ પ્રથમ ગમે તેમ કરી તું તારૂં જીવન જાણ. જાણવું શામાટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું.

૭ તે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.

૮ જીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે, અને ત્યાગ થઇ શકે તેમ નથી તો, નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.

૧ જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.
૨ સંસારને બંધન માનવું.
૩ પૂર્વકર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો. તેમ છતાં પૂર્વકર્મ નડે તો શોક કરવો નહીં.
૪ દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી

ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

૫ ન ચાલે તો પ્રતિક્રોતી થા.

૬ જેમાંથી જેટલું થાય તેટલું કર.

૭ પરિણામિક વિચારવાળો થા.

૮ અનુત્તરવાસી થઇને વર્ત.

૯ છેવટનું સમયે સમયે ચૂકીશ નહીં એજ ભલામણ, અને એજ ધર્મ. સમજીને અલ્પ ભાષી થનારને પશ્ચાતાપ કરવાનો થોડો જ અવસર સંભવે.

સહજ—પ્રકૃતિ.

૧ પરહિત એજ નિજહિત સમજવું, અને પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું.

૨ સુખ, દુઃખ એ બન્ને મનની કલ્પના છે.

૩ ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

૪ સઘળા સાથે નમ્રભાવથી વસવું એ જ ખરૂં ભૂષણ છે.

૫ શાંત સ્વભાવ એ જ સજ્જનતાનું ખરૂં મૂળ છે.

૬ ખરા સ્નેહીની ચાહના એ સજ્જનતાનું ખાસ લક્ષણ છે.

૭ દુર્જનનો ઓછો સહવાસ.

૮ વિવેક બુદ્ધિથી સવળું આચરણ કરવું

૯ દ્વેષભાવ એ વસ્તુ ઝેરરૂપ માનવી.

૧૦ ધર્મકર્મમાં વૃત્તિ રાખવી.

૧૧ નિતિના બાંધાપર પગ ન મૂકવો.

૧૨ જિતેંદ્રિય થવું

૧૩ જ્ઞાનચર્ચા અને વિદ્યાવિલાસમાં તથા શાસ્ત્રાધ્યયનમાં ગુંથાવું.

૧૪ ગંભીરતા રાખવી.

૧૫ સંસારમાં રહ્યા છતાં ને તે નીતિથી ભોગવતા છતાં વિદેહી દશા રાખવી.

૧૬ પરમાત્માની ભક્તિમાં ગુંથાવું.

૧૭ પરનિંદા એ જ સબળ પાપ માનવું.

૧૮ દુર્જનતા કરી ફાવવું એજ હારવું, એમ માનવું.

૫૯ આત્મજ્ઞાન અને સજ્જનસંગત રાખવાં.

સ્મૃતિમાં રાખવાયોગ્ય મહાવાકયો.—

૧ એક ભેદે નિયમ એ જ આ જગત્નો પ્રવર્તક છે !

૨ જે મનુષ્ય સત્પુરૂષોના ચરિત્ર રહસ્યને પામે છે, તે મનુષ્ય પરમેશ્વર થાય છે !

૩ ચંચળચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે.

૪ ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ એ બન્ને સમાન દુઃખદાયક છે.

૫ સમસ્વભાવીનું મળવું એને જ્ઞાનીઓ એકાંત કહે છે.

૬ ઇંદ્રિયો તમને જીતે અને સુખ માનો તે કરતાં તેને તમે જીતવામાં જ સુખ આનંદ અને પરમપદ પ્રાપ્ત કરશો.

૭ રાગ વિના સંસાર નથી, અને સંસાર વિના રાગ નથી !

૮ યુવાવયનો સર્વ સંગ પરિત્યાગ પરમપદને આપે છે.

૯ તે વસ્તુના વિચારમાં પહોંચો કે જે વસ્તુ અતીંદ્રિય સ્વરૂપ છે.

૧૦ ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ.

બત્રીસ યોગ.—

નીચેના બત્રીસ યોગનો સંગ્રહ કરી આત્માને ઉજ્જવળ કરવાનું સત્પુરૂષો કહે છે.

૧ મોક્ષ સાધક યોગ માટે શિષ્યે આચાર્ય સમીપે આલોચના કરવી.

૨ આલોચના બીજા પાસે પ્રકાશવી નહીં.

૩ આપત્તિકાળે પણ ધર્મનું દ્રઢપણું ત્યાગવું નહીં.

૪ લોક, પરલોકના સુખના ફલની વાંછના વિના તપ કરવો.

૫ શિક્ષા મળી તે પ્રમાણે યત્નાથી વર્તવું; અને નવી શિક્ષા વિવેકથી ગ્રહણ કરવી.

૬ મમત્વનો ત્યાગ કરવો.

૭ ગુપ્ત તપ કરવો.

૮ નિર્લોભતા રાખવી.

૯ પરિસહ ઉપસર્ગને જીતવા.

૧૦ સરળ ચિત્ત રાખવું.

૧૧ શુદ્ધ આત્મસંયમ પાળવો.

૧૨ શુદ્ધ સમકિત રાખવું.

૧૩ ચિત્તની એકાગ્ર સમાધિ રાખવી.

૧૪ કપટ રહિત આચાર પાળવો.

૧૫ વિનય કરવા યોગ્ય પુરૂષોનો યથાયોગ્ય વિનય કરવો.

૧૬ સંતોષથી કરીને તૃષ્ણાની મર્યાદા ટુંકી કરી નાંખવી.

૧૭ વૈરાગ્યભાવનામાં નિમગ્ન રહેવું.

૧૮ માયા રહિત વર્ત્તવું.

૧૯ શુદ્ધ કરણીમાં સાવધાન થવું.

૨૦ સમ્વરને આદરવો અને પાપને રોકવાં.

૨૧ પોતાના દોષ સમભાવ પૂર્વક ટાળવા.

૨૨ સર્વ પ્રકારના વિષયથી વિરક્ત રહેવું.

૨૩ મૂળ ગુણે પંચમહાવ્રતને વિશુદ્ધ પાળવાં.

૨૪ ઉત્તર ગુણે પંચમહાવ્રતને વિશુદ્ધ પાળવાં.

૨૫ ઉત્સાહ પૂર્વક કાર્યોત્સર્ગ કરવો.

૨૬ જ્ઞાન ધ્યાનમાં પ્રમાદ રહિત પ્રવર્ત્તન કરવું.

૨૭ હમેશાં આત્મ ચરિત્રમાં સૂક્ષ્મ ઉપયોગથી વર્તવું.

૨૮ જિતેંદ્રિયતા અર્થે એકાગ્રતા પૂર્વક ધ્યાન કરવું.

૨૯ મરણાંત દુ:ખથી પણ ભય પામવો નહીં.

૩૦ સ્ત્રી આદિકના સંગને ત્યાગવો.

૩૧ પ્રાયશ્ચિત વિશુદ્ધિ કરવી.

૩૨ મરણકાલે આરાધના કરવી.

એ એકેકો યોગ અમૂલ્ય છે. સઘળા સંગ્રહ કરનાર પારણામે અનંત સુખને પામે છે.

હે જીવ ! તું ભૂલ મા.

સુખ અંતરમાં છે, તે બહાર શોધવાથી નહીં મળે.

અંતરનું સુખ અંતરની સ્થિતિમાં છે. સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થો સંબંધીનું આશ્ચર્ય ભૂલ.

સ્થિતિ રહેવી બહુ વિકટ છે, નિમિત્તાધીન ફરી ફરી વૃત્તિ ચલિત થઈ જાય છે; એવો દઢ ઉપયોગ રાખવા જોઇએ.

એ ક્રમ યથાયોગ્ય ચલાવ્યો આવીશ તો તું મુંઝાઇશ નહીં, નિર્ભય થઇશ.

હે જીવ ! તું ભૂલ મા.

વખતે વખતે ઉપયોગ ચૂકી કોઇને રંજન કરવામાં, કોઇથી રંજન થવામાં, વા મનની નિર્બળતાને લીધે અન્ય પાસે મંદ થઇ જાય છે; એ ભૂલ થાય છે; તે ન કર.

હે જીવ ! તુ ભ્રમામા, તને હિત કહું છું.

અંતરમાં સુખ છે, બહાર શોધવાથી મળશે નહીં.

અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર; આશ્ચર્ય ભૂલ.

સમશ્રેણી રહેવી બહુ દુર્લભ છે; નિમિત્તાધીન વૃત્તિ ફરી ફરી ચલિત થઇ જશે, ન થવા અચળ ગંભીર ઉપયોગ રાખ.

આ ક્રમ યથાયોગ્યપણે ચાલ્યો આવ્યો તો, તું જીવન ત્યાગ કરતો રહીશ, મુંઝાઇશ નહીં, નિર્ભય થઇશ.

ॐ નમઃ

સર્વ જીવ સુખને ઇચ્છે છે.

દુઃખ સર્વને અપ્રિય છે.

દુઃખથી મુક્ત થવા સર્વ જીવ ઇચ્છે છે.

વાસ્તવિક તેનું સ્વરૂપ ન સમજવાથી તે દુઃખ મટતું નથી.

તે દુઃખના આત્યંતિક અભાવનું નામ મોક્ષ કહીએ છીએ.

અત્યંત વીતરાગ થયા વિના આત્યંતિક મોક્ષ હોય નહીં.

સમ્યગ્જ્ઞાન વિના વીતરાગ થઇ શકાય નહીં.

સમ્યગ્દર્શન વિના જ્ઞાન અસમ્યક્ કહેવાય છે.

વસ્તુની જે સ્વભાવે સ્થિતિ છે, તે સ્વભાવે તે વસ્તુની સ્થિતિ સમજાવી તેને સમ્યગ્જ્ઞાન કહીએ છીએ.

સમ્યગ્જ્ઞાન દર્શનથી પ્રતીત થયેલા આ-

સ્વભાવે વર્તવું તે ચારિત્ર છે. એ ત્રણેની એકતાથી મોક્ષ થાય.

જીવ સ્વભાવિક છે.

જીવ અનંત છે.

પરમાણું અનંત છે.

જીવ અને પુદ્દગળ સંબંધ છે, ત્યાં સુધી સકર્મ જીવ કહેવાય.

ભાવ કર્મનું બીજું નામ વિભાવ કહેવાય છે.

ભાવ કર્મના હેતુથી જીવ પુદ્દગળ ગ્રહે છે, તેથી તૈજસાદિ શરીર અને ઔદારિકાદિ શરીરનો યોગ થાય છે.

ભાવ કર્મથી વિમુખ થાય તો નિજ ભાવ પરિણામી થાય.

સમ્યગ્દર્શન વિના વાસ્તવિકપણે જીવભાવ કર્મથી વિમુખ ન થઇ શકે.

સમ્યગ્દર્શન થવાનો મુખ્ય હેતુ જિનવચનથી તત્વાર્થે પ્રતીતિ થઇ તે છે.

તત્વજ્ઞ રાજચંદ્રાખ્ય મહાનીતિ.

૧ સત્ય પણ કરૂણામય બોલવું.

૨ નિર્દોષ સ્થિતિ રાખવી.

૩ વૈરાગ્ય હૃદય રાખવું.

૪ દર્શન પણ વૈરાગ્યી રાખવું.

૫ ડુંગરની તલાટીમાં વધારે યોગ સાધવો.

૬ બાર દિવસ પતિસંગ ત્યાગવો.

૭ આહાર, વિહાર, આળસ, નિદ્રા ઈ૦ ને વશ કરવા.

૮ સંસારની ઉપાધિથી જેમ બને તેમ વિરક્ત થવું.

૯ સર્વ સંગ ઉપાધિ ત્યાગવી.

૧૦ ગૃહસ્થાશ્રમ વિવેકી કરવો.

૧૧ તત્વધર્મ સર્વજ્ઞતા વડે પ્રણિત કરવો.

૧૨ વૈરાગ્ય અને ગંભીર ભાવથી બેસવું.

૧૩ સઘળી સ્થિતિ તેમજ.

૧૪ વિવેકી, વિનયી અને પ્રીય પણ મર્યાદિત બોલવું.

૧૫ સાહસ કર્ત્તવ્ય પહેલાં વિચાર રાખવો.

૧૬ પ્રત્યેક પ્રકારથી પ્રમાદને દૂર કરવો.

૧૭ સઘળું કર્ત્તવ્ય નિયમિતજ રાખવું.

૧૮ શુક્લ ભાવથી મનુષ્યનું મન હરણ કરવું.

૧૯ શીર જતાં પણ પ્રતિજ્ઞા ભંગ ન કરવી.

૨૦ મન, વચન અને કાયાના યોગ વડે પરપતિ ત્યાગ.

૨૧ વેશ્યા, કુમારી, વિધવાનો તેમજ ત્યાગ.

૨૨ મન, વચન. કાયા અવિચારે વાપરૂં નહીં.

૨૩ નિરક્ષન કરૂં નહીં.

૨૪ હાવભાવથી મોહ પામું નહીં.

૨૫ વાતચિત્ત કરૂં નહીં.

૨૬ એકાંતે રહું નહીં.

૨૭ સ્તુતિ કરૂં નહીં.

૨૮ ચિંતરંન કરૂં નહીં.

૨૯ શૃંગાર વાંચુ નહીં.

૩૦ વિશેષ પ્રસાદ લઉં નહી.

૩૧ સ્વાદિષ્ટ ભોજન લઉં નહીં.

૩૨ સુગંધી દ્રવ્ય વાપરૂં નહીં.

૩૩ સ્નાન મંજન કરૂં નહીં.

૩૪

૩૫ કામ વિષયને લલીત ભાવે યાચું નહીં.

૩૬ વિર્યનો વ્યાઘાત કરૂં નહીં.

૩૭ વધારે જળપાન કરૂં નહીં.

૩૮ કટાક્ષ દ્રષ્ટિથી સ્રીને નિરખું નહીં.

૩૯ હસીને વાત કરૂં નહીં. (સ્રીથી.)

૪૦ શૃંગારી વસ્ત્ર નિરખું નહીં.

૪૧ દંપતિ સહવાસ સેવું નહીં.

૪૨ મોહની સ્થાનકમાં રહું નહીં.

૪૩ એમ મહા પુરૂષોએ પાળતું હું પાળવા પ્રયત્નિ છઉં.

૪૪ લોક નિંદાથી ડરૂં નહીં.

૪૫ રાજ્ય ભયથી ત્રાસું નહીં.

૪૬ અસત્ય ઉપદેશ આપું નહીં.

૪૭ ક્રિયા સદોષી કરૂં નહીં.

૪૮ અહંપદ રાખું કે ભાખું નહીં.

૪૯ સમ્યક્ પ્રકારે વિધિભણી દૃષ્ટિ કરૂં.

૫૦ નિઃસ્વાર્થપણે વિહાર કરૂં.

૫૧ અન્યને મોહની ઉપજાવે એવો દેખાવ કરૂં નહીં.

૫૨ ધર્માનુરક્ત દર્શનથી વિચરૂં.

૫૩ સર્વ પ્રાણીમાં સમભાવ રાખું.

૫૪ ક્રોધી વચન ભાખું નહીં.

૫૫ પાપી વચન ભાખું નહીં.

૫૬ અસત્ય આજ્ઞા ભાખું નહીં.

૫૭ અપથ્ય પ્રતિજ્ઞા આપું નહીં.

૫૮ સૃષ્ટિ સૌંદર્યમાં મોહ રાખું નહીં.

૫૯ સુખ દુઃખ પર સમભાવ કરૂં.

૬૦ રાત્રિ ભોજન કરૂં નહીં.

૬૧ જેમાંથી નિશો તે સેવું નહીં.

૬૨ પ્રાણીને દુઃખ થાય એવું મૃષા ભાખું નહીં.

૬૩ અતિથીનું સન્માન કરૂં.

૬૪ પરમાત્માની ભક્તિ કરૂં.

૬૫ પ્રત્યેક સ્વયંબુદ્ધને ભગવાન માનું.

૬૬ તેને દિન પ્રતિ પુજું.

૬૭ વિદ્વાનોને સન્માન આપું.

૬૮ વિદ્વાનોથી માયા કરૂં નહીં.

૬૯ માયાવિને વિદ્વાન કહું નહીં.

૭૦ કોઇ દર્શનને નિંદુ નહીં.

૭૨ એક પક્ષી મતભેદ બાંધુ નહીં.

૭૩ અજ્ઞાન પક્ષને આરાધવું નહીં.
૭૪ આત્મ પ્રશંસા ઇચ્છવું નહીં.
૭૫ પ્રમાદ કોઇ કૃત્યમાં કરૂં નહીં.
૭૬ માંસાદિક આહાર કરૂં નહીં.
૭૭ તૃષ્ણાને સમાવું.
૭૮ તાપથી મુક્ત થવું એ મનોજ્ઞતા માનું
૭૯ તે મનોર્થ પાર પાડવા પરાયણ થવું.
૮૦ યોગ વડે હૃદયને શુક્લ કરવું.
૮૧ અસત્ય પ્રમાણથી વાત પૂર્તિ કરૂં નહીં.
૮૨ અસંભવિત કલ્પના કરૂં નહીં.
૮૩ લોક અહિત પ્રણિત કરૂં નહીં.
૮૪ જ્ઞાનીની નિંદા કરૂં નહીં.
૮૫ વૈરીના ગુણની પણ સ્તુતિ કરૂં.
૮૬ વૈરભાવ કોઇથી રાખું નહીં.
૮૭ માત પિતાને મુક્ત વાટે ચઢાવું.
૮૮ રૂડી વાટે તેમને બદલો આપું.

८९ तेमनी मिथ्या आज्ञा मानुं नही.

९० स्त्रस्त्रीमां समभावथी वर्त्तुं.

९१

९२ उतावळो चालुं नही

९३ जोसभेर चालुं नही.

९४ मरोडथी चालुं नही.

९५ उच्छृंखल अभिमान करूं नही.

९६ वस्त्रनुं अभिमान करूं नही.

९७ वधारे वाळ राखुं नही.

९८ चपोचप वस्त्र सजुं नही.

९९ अपवित्र वस्त्र पहेरूं नही

१०० ऊंननां वस्त्र पहेरवा प्रयत्न करूं.

१०१ रेशमी वस्त्रनो त्याग करूं.

१०२ शांत चालथी चालुं.

१०३ खोटो भभको करूं नही.

१०४ उपदेशकने द्वेषथी जोउं नही.

१०५ द्वेष मात्रनो त्याग करूं.

૧૦૬ રાગ દ્રષ્ટિથી એકે વસ્તુ આરાધું નહીં.

૧૦૭ વૈરીના સત્ય વચનને માન આપું.

૧૦૮

૧૦૯

૧૧૦

૧૧૧

૧૧૨

૧૧૩

૧૧૪

૧૧૫

૧૧૬

૧૧૭

૧૧૮

૧૧૯

૧૨૦

૧૨૧ અળગણ પાણી પીવું નહીં.

૧૨૨ પાપી જળે નહાઉં નહીં.

૧૨૩ વધારે જળ ઢોળવું નહીં.

૧૨૪ વનસ્પતિને દુઃખ આપું નહીં.

૧૨૫ અસ્વચ્છતા રાખું નહીં.

૧૨૬ પોડોરનું રાંધેલું ભોજન કરૂં નહીં.

૧૨૭ રસેંદ્રિની વૃદ્ધિ કરૂં નહીં.

૧૨૮ રોગ વગર ઔષધનું સેવન કરૂં નહીં.

૧૨૯ વિષયનું ઔષધ ખાઉં નહીં.

૧૩૦ ખોટી ઉદારતા સેવું નહીં.

૧૩૧ કૃપણ થાઉં નહીં.

૧૩૨ આજીવિકા સિવાય કોઇમાં માયા કરૂં નહીં.

૧૩૩ આજીવિકા માટે ધર્મ બોધું નહીં.

૧૩૪ વખતનો અનુપયોગ કરૂં નહીં.

૧૩૫ નિયમ વગર વ્રત સેવું નહીં.

૧૩૬ પ્રતિજ્ઞા વ્રત તોડું નહીં.

૧૩૭ સત્ય વસ્તુનું ખંડન કરૂં નહીં.

૧૩૮ તત્વજ્ઞાનમાં શંકિત થાઉં નહીં.

૧૩૯ તત્વ આરાધતાં લોક નિંદાથી ડરૂં નહીં.
૧૪૦ તત્વ આપતાં માયા કરૂં નહીં.
૧૪૧ સ્વાર્થીને ધર્મ આપું નહીં.
૧૪૨ ચારે વર્ગને મંડન કરૂં.
૧૪૩ ધર્મ વડે સ્વાર્થ પેદા કરૂં નહીં.
૧૪૪ ધર્મ વડે અર્થ પેદા કરૂં.
૧૪૫ જડતા જોઇને આક્રોશ પામું નહીં.
૧૪૬ ખેદની સ્મૃતિ આણું નહીં.
૧૪૭ મિથ્યાત્વને વિસર્જન કરૂં.
૧૪૮ અસત્યને સત્ય કહું નહીં.
૧૪૯ શૃંગારને ઉત્તેજન આપું નહીં.
૧૫૦ હિંસાવડે સ્વાર્થ ચાહું નહીં.
૧૫૧ સૃષ્ટિનો ખેદ વધારૂં નહીં.
૧૫૨ ખોટી મોહિની પેદા કરૂં નહીં.
૧૫૩ વિદ્યા વિના મૂર્ખ રહું નહીં.
૧૫૪ વિનય ને આરાધી રહું.

૧૫૫ માયા વિનયનો ત્યાગ કરૂં.

૧૫૬ :અદત્તા દાન લઉં નહીં.

૧૫૭ કલેશ કરૂં નહીં.

૧૫૮ દત્તા અનિતિ લઉં નહીં.

૧૫૯ દુઃખી કરીને ધન લઉં નહીં.

૧૬૦ ખોટો તોલ તોલું નહીં.

૧૬૧ ખોટી સાક્ષી પૂરૂં નહીં.

૧૬૨ ખોટા સોગન ખાઉં નહીં.

૧૬૩ હાંસી કરૂં નહીં.

૧૬૪ સમભાવથી મૃત્યુને જોઉં.

૧૬૫ મોતથી હર્ષ માનવો

૧૬૬ કોઇનાં મોતથી હસવું નહીં.

૧૬૭ વિદેહી હૃદયને કરતો જોઉં.

૧૬૮ વિદ્યાનું અભિમાન કરૂં નહીં.

૧૬૯ ગુરૂનો ગુરૂ બનું નહીં.

૧૭૦ અપુજ્ય આચાર્યને પુજું નહીં.

૧૭૧ ખોટું અપમાન તેને આપું નહીં.

૧૭૨ અકરણિય વ્યાપાર કરૂં નહીં.

૧૭૩ ગુણ વગરનું વકૃત્વ શેવું નહીં.

૧૭૪ તત્વજ્ઞ તપ અકાળિક કરૂં નહીં.

૧૭૫ શાસ્ત્ર વાંચું.

૧૭૬ પોતાના મિથ્યા તર્કને ઉત્તેજન આપું નહીં.

૧૭૭ સર્વ પ્રકારની ક્ષમાને ચાહું.

૧૭૮ સંતોષની પ્રયાચના કરૂં.

૧૭૯ સ્વાત્મ ભક્તિ કરૂં.

૧૮૦ સામાન્ય ભક્તિ કરૂં.

૧૮૧ અનુપારક થાઉં.

૧૮૨ નિરાભિમાની થાઉં.

૧૮૩ મનુષ્ય જાતિનો ભેદ ન ગણું.

૧૮૪ જડની દયા ખાઉં.

૧૮૫ વિશેષથી નયન ઠંડા કરૂં

૧૮૬ સામાન્યથી મિત્રભાવ રાખું.

૧૮૭ પ્રત્યેક વસ્તુનો નિયમ કરૂં.

૧૮૮ સાદા પોશાકને ચાહું.

૧૮૯ મધુરી વાણી ભાખું.

૧૯૦ મનો વીરત્વની વૃદ્ધિ કરૂં.

૧૯૧ પ્રત્યેક પરિસહ સહન કરૂં.

૧૯૨ આત્માને પરમેશ્વર માનું.

૧૯૩ પુત્રને તારે રસ્તે ચઢાવું (પિતા ઇચ્છા કરે છે.

૧૯૪ ખોટાં લાડ લડાવું નહીં ,,

૧૯૫ મલીન રાખું નહીં. ,,

૧૯૬ અવળી વાતથી સ્તુતિ કરૂં નહીં. ,,

૧૯૭ મોહિની ભાવે નિરખું નહીં. ,,

૧૯૮ પુત્રીનું વેશવાળ યોગ્ય ગુણે કરૂં. ,,

૧૯૯ સમવય જોઉં. ,,

૨૦૦ સમ ગુણ જોઉં. ,,

૨૦૧ તારો સિદ્ધાંત ત્રુટે તેમ સંસાર વ્યવહાર
ન ચલાવું.

૨૦૨ પ્રત્યેકને વાત્સલ્યતા ઉપદેશું.

૨૦૩ તત્વથી કંટાળું નહીં.

૨૦૪ વિધવા છઉં તારા ધર્મને અંગીકૃત કરૂં.

૨૦૫ સુવાશી સાજ સજું નહીં.

૨૦૬ ધર્મ કથા કરૂં.

૨૦૭ નવરી રહું નહીં.

૨૦૮ તુચ્છ વિચારપર જઉં નહીં.

૨૦૯ સુખની અદેખાઇ કરૂં નહીં.

૨૧૦ સંસારને અનિત્ય માનું.

૨૧૧ શુદ્ધ બ્રહ્મચર્યનું શેવન કરૂં.

૨૧૨ પરઘેર જઉં નહીં.

૨૧૩ કોઈ પુરૂષ સાથે વાત કરૂં નહીં.

૨૧૪ ચંચળતાથી ચાલું નહીં.

૨૧૫ તાળી દઇ વાત કરૂં નહીં.

૨૧૬ પુરૂષ લક્ષણ રાખું નહીં.

૨૧૭ કોઈના કહ્યાથી રોષ આણું નહીં.

૨૧૮ ત્રિદંડથી ખેદ માનું નહીં.

૨૧૯ મોહ દ્રષ્ટિથી વસ્તુ નિરખું નહીં

૨૨૦ હૃદયથી બીજું રૂપ રાખું નહીં.

૨૨૧ શેવ્યની શુદ્ધ ભક્તિ કરૂં.

૨૨૨ નીતિથી ચાલું.

૨૨૩ તારી આજ્ઞા તોડું નહીં.

૨૨૪ અવિનય::કરૂં નહીં.

૨૨૫ ગળ્યા વિના દુધ પીવું નહીં.

૨૨૬ તેં ત્યાગ કરાવેલી વસ્તુ ઉપયોગમાં લઉં નહીં.

૨૨૭ પાપથી જય કરી આનંદ માનું નહીં.

૨૨૮ ગાયનમાં વધારે અનુરક્ત થઉં નહીં.

૨૨૯ નિયમ તોડે તે વસ્તુ ખાઉં નહીં.

૨૩૦ ગૃહ સૌંદર્યની વૃદ્ધિ કરૂં.

૨૩૧ સારાં સ્થાનની ઇચ્છા ન કરૂં.

૨૩૨ અશુદ્ધ આહાર જળ ન લઉં. (મુનીત્વ ભાવ.)

૨૩૩ લોચન કરૂં. (કેશ)

૨૩૪ પરિસહ પ્રત્યેક પ્રકારે સહન કરૂં.

૨૩૫ તત્વજ્ઞાનનો અભ્યાસ કરૂં.

૨૩૬ કંદમૂળનું ભક્ષણ ન કરૂં.

૨૩૭ કોઇ વસ્તુ જોઇ રાચું નહીં.

૨૩૮ આજીવિકા માટે ઉપદેશક થઉં નહીં.(૨)

૨૩૯ તારા નિયમને તોડું નહીં.

૨૪૦ શ્રુત જ્ઞાનની વૃદ્ધિ કરૂં.

૨૪૧ તારા નિયમનું મંડન કરૂં.

૨૪૨ રસ ગારવ થાઉં નહીં.

૨૪૩ કષાય બારૂં નહીં.

૨૪૪ બંધન રાખું નહીં.

૨૪૫ અબ્રહ્મચર્ય શેવું નહીં.

૨૪૬ આત્મ પરાત્મ સમાન માનું.

૨૪૭ લીધો ત્યાગ ત્યાગું નહીં.

૨૪૮ મૃષા ઇ૦ ભાષણ કરૂં નહીં.

૨૪૯ કોઇ પાપ શેવું નહીં.

૨૫૦ અબંધ પાપ ક્ષમાવું.

૨૫૧ ક્ષમાવવામાં માન રાખું નહીં.

(મુની સામાન્ય.)

૨૫૨ ગુરૂના ઉપદેશને તોડું નહીં.

૨૫૩ ગુરૂનો અવિનય કરૂં નહીં.

૨૫૪ ગુરૂને આસને બેસે નહીં.

૨૫૫ કોઇ પ્રકારની તેથી મહત્તા ભોગવું નહીં.

૨૫૬ તેથી શુકલ હૃદયે તત્વજ્ઞાનની વૃદ્ધિ કરૂં.

૨૫૭ મનને સ્થિતિ સ્થાપક રાખું.

૨૫૮ વચનને રામબાણ રાખું.

૨૫૯ કાયાને કુર્મરૂપ રાખું.

૨૬૦ હૃદયને ભમરરૂપ રાખું.

૨૬૧ હૃદયને કમળરૂપ રાખું.

૨૬૨ હૃદયને પત્થરરૂપ રાખું.

૨૬૩ હૃદયને લીંબુરૂપ રાખું.

૨૬૪ હૃદયને જળરૂપ રાખું.

૨૬૫ હૃદયને તેલરૂપ રાખું.

૨૬૬ હૃદયને અગ્નિરૂપ રાખું.

૨૬૭ હૃદયને આદર્શ રૂપ રાખું.

૨૬૮ હૃદયને સમુદ્રરૂપ રાખું.

૨૬૯ વચનને અમૃતરૂપ રાખું.

૨૭૦ વચનને નિદ્રારૂપ રાખું.

૨૭૧ વચનને તૃષારૂપ રાખું.

૨૭૨ વચનને સ્વાધિનરૂપ રાખું.

૨૭૩ કાયાને કમાનરૂપ રાખું.

૨૭૪ કાયાને ચંચળરૂપ રાખું.

૨૭૫ કાયાને નીરપરાધી રાખું.

૨૭૬ કોઈ પ્રકારની ચાહના રાખું નહીં.
(પરમહંશ)

૨૭૭ તપસ્વિ છઉં વનમાં તપશ્ચર્યા કરૂં છઉં.
(તપસ્વિની ઇચ્છા)

૨૭૮ શીતળ છાયા લઉં છઊં.

૨૭૯ સમ્ભાવે સર્વ સુખ સંપાદાન કરૂં છઉં.

૨૮૦ માયાથી દૂર રહું છઉં.

૨૮૧ પ્રપંચને ત્યાગું છઉં.

૨૮૨ સર્વ ત્યાગ વસ્તુને જાણું છઉં.

૨૮૩ ખોટી પ્રશંસા કરૂં નહીં. (સામાન્ય.)

૨૮૪ ખોટું આળ આપું નહીં.

૨૮૫ ખોટી વસ્તુ પ્રણિત કરૂં નહીં.

૨૮૬ કુટુંબ કલેશ કરૂં નહીં.

૨૮૭ અભ્યાખ્યાન ધારૂં નહીં.

૨૮૮ પિશુન થઉં નહીં.

૨૮૯ અસત્યથી રાચું નહીં. (૨)

૨૯૦ ખડખડ હસું નહીં. (સ્રી.)

૨૯૧ કારણ વિના મોં મરકાવું નહીં.

૨૯૨ કોઈ વેળા હસું નહીં.

૨૯૩ મનના આનંદ કરતાં આત્માનંદને ચાહું.

૨૯૪ સર્વને યથાતથ્ય માન આપું. (ગૃહસ્થ.)

૨૯૫ સ્થિતિનો ગર્વ કરૂં નહીં.

૨૯૬ સ્થિતિનો ખેદ કરૂં નહીં,

૨૯૭ ખોટો ઉદ્યમ કરૂં નહીં.

૨૯૮ અનુદ્યમી રહું નહીં.

૨૯૯ ખોટી સલાહ આપું નહીં.

૩૦૦ પાપી સલાહ આપું નહીં.

૩૦૧ ન્યાય વિરૂદ્ધ કૃત કરૂં નહીં. (૨-૩)

૩૦૨ ખોટી આશા કોઇને આપું નહીં.

૩૦૩ અસત્ય વચન આપું નહીં.

૩૦૪ સત્ય વચન ભંગ કરૂં નહીં.

૩૦૫ પાંચ સુમતિને ધારણ કરૂં.

૩૦૬ અવિનયથી બેસું નહીં.

૩૦૭ ખોટા મંડળમાં સુઉં નહીં.

૩૦૮ વૈશ્યા સાંમી દ્રષ્ટિ કરૂં નહીં.

૩૦૯ એનાં વચન શ્રવણ કરૂં નહીં.

૩૧૦ વાજીંત્ર સાંભળું નહીં.

૩૧૧ વિવાહ વિધિ પૂછું નહીં.

૩૧૨ એને વખાણું નહીં.

૩૧૩ મનો રમ્યમાં મોહમાનું નહીં.

૩૧૪ કર્મા ધર્મિ કરૂં નહીં.

૩૧૫ સ્વાર્થે કોઇની આજીવિકા તોડું નહીં.

૩૧૬ વધ બંધનની શિક્ષા કરૂં નહીં.

૩૧૭ ભય વાત્સલ્યથી રાજ્ય ચલાવું.

૩૧૮ નિયમવગર વિહાર કરૂં નહીં.

૩૧૯ વિષયની સ્મૃતિએ ધ્યાન ધર્યા વિના રહું નહીં.

૩૨૦ વિષયની વિસ્મૃતિજ કરૂં.

૩૨૧ સર્વ પ્રકારની નીતિ શીખું.

૩૨૨ ભય ભાષા ભાખું નહીં.

૩૨૩ અપશબ્દ બોલું નહીં.

૩૨૪ ક્રોધને શીખડાવું નહીં.

૩૨૫ અસત્ય મર્મ ભાષા ભાખું નહીં.

૩૨૬ લીધેલો નિયમ કરણોપકરણી રીતે તોડું નહીં,

૩૨૭ પુંઠ ચોર્ય કરૂં નહીં.

૩૨૮ અતિથીનો તિરસ્કાર કરૂં નહીં.

૩૨૯ ગુપ્ત વાત પ્રસિદ્ધ કરૂં નહીં.

૩૩૦ પ્રસિદ્ધ કરવા યોગ્ય ગુપ્ત રાખું નહીં.

૩૩૧ વિના ઉપયોગે દ્રવ્ય રણું નહીં.

૩૩૨ અયોગ્ય કરાર કરાવું નહીં.

૩૩૩ વધારે વ્યાજ લઉં નહીં.

૩૩૪ હિસાબમાં ભુલાવું નહીં.

૩૩૫ સ્થૂળ હિંસાથી આ જીવિકા ચલાવવું નહીં.

૩૩૬ દ્રવ્યનો ખોટો ઉપયોગ કરૂં નહીં.

૩૩૭ નાસ્તિકતાનો ઉપદેશ આપું નહીં.

(ઉ. ગૃહસ્થ.)

૩૩૮ વયમાં પરણું નહીં.

૩૩૯ વય પછી પરણું નહીં.

૩૪૦ વય પછી સ્ત્રી ભોગવું નહીં.

૩૪૧ વયમાં સ્ત્રી ભોગવું નહીં.

૩૪૨ કુમાર પત્નિને બોલાવું નહીં.

૩૪૩ પરણીય પર અભાવ લાવું નહીં.

૩૪૪ વૈરાગ્યી અભાવ ગણું નહીં.

૩૪૫ કઠવું વચન કહું નહીં.

૩૪૬ હાથ ઉગામું નહીં.

૩૪૭ અયોગ્ય સ્પર્શ કરૂં નહીં.

૩૪૮ બાર દિવસ સ્પર્શ કરૂં નહીં.

૩૪૯ અયોગ્ય ઠપકો આપું નહીં.

૩૫૦ રજસ્વલામાં ભોગવું નહીં.

૩૫૧ ઋતુદાનમાં અભાવ આણું નહીં.

૩૫૨ શૃંગાર ભક્તિ સેવું નહીં.

૩૫૩ સર્વપર એ નિયમ ન્યાય લાગુ કરૂં.

૩૫૪ નિયમમાં ખોટી દલીલથી છૂટું નહીં.

૩૫૫ ખોટી રીતે ચઢાવું નહીં.

૩૫૬ દીવસે ભોગ ભોગવું નહીં.

૩૫૭ દીવસે સ્પર્શ કરૂં નહીં.

૩૫૮ અવભાષાએ બોલાવું નહીં.

૩૫૯ ક્રોધનું વૃત ભંગાવું નહીં.

૩૬૦ ઝાઝે સ્થળે ભાટકું નહીં.

૩૬૧ સ્વાર્થ બહાને ક્રોધનો ત્યાગ મુકાવું નહીં.

૩૬૨ ક્રિયા શાળીને નિંદું નહીં.

૩૬૩ નગ્ન ચિત્ર નિહાળું નહીં.

૩૬૪ પ્રતિમાને નિરખું નહીં.

૩૬૫ પ્રતિમાને નિંદું નહીં.

૩૬૬ પ્રતિમાને પૂજવુ.
૩૬૭ પાપથી ધર્મ માનું નહીં.
૩૬૮ સત્ય વહેવારને છોડું નહીં.
૩૬૯ છળ કરૂં નહીં.
૩૭૦ નગ્ન સુઉં નહીં.
૩૭૧ નગ્ન નહાઉં નહીં.
૩૭૨ આછાં લૂગડાં પેહેરૂ નહીં.
૩૭૩ ઝાઝા અલંકાર પહેરૂં નહીં.
૩૭૪ અમર્યાદાથી ચાલું નહીં.
૩૭૫ ઉતાવળે સાદે બોલું નહીં.
૩૭૬ પતિપર દાબ રાખું નહીં.
૩૭૭ તુચ્છ સંભોગ ભોગવવો નહીં.
૩૭૮ ખેદમાં ભોગ ભોગવવો નહીં.
૩૭૯ સાયંકાળે ભોગ ભોગવવો નહીં.
૩૮૦ સાયંકાળે જમવુ નહીં.
૩૮૧ અરૂણોદયે ભોગ ભોગવવો નહીં.

૩૮૨ ઉંઘમાંથી ઉઠી ભોગ ભોગવવો નહીં.

૩૮૩ ઉંઘમાંથી ઉઠી જમવું નહીં.

૩૮૪ શૌચ ક્રિયા પહેલાં કોઇ ક્રિયા કરવી નહીં.

૩૮૫ ક્રિયાની કાંઇ જરૂર નથી. (પરમહંસ.)

૩૮૬ ધ્યાન વિના એકાંતે રહેવું નહીં.

૩૮૭ લઘુ શંકામાં તુચ્છ થાઉં નહીં.

૩૮૮ દીર્ઘ શંકામાં વખત લગાડું નહીં.

૩૮૯ ઋતુ ઋતુના શરીર ધર્મ સાચવું.

૩૯૦ આત્માનીજ માત્ર ધર્મ કરણી સાચવું.

૩૯૧ અયોગ્ય બાર બંધન કરૂં નહીં.

૩૯૨ આત્મ સ્વતંત્રતા ખોઉં નહીં.

૩૯૩ બંધનમાં પડયા પહેલાં વિચાર કરૂં.

૩૯૪ પૂર્વિત ભોગ સંભારૂં નહીં.

૩૯૫ અયોગ્ય વિદ્યા સાધું નહીં.

૩૯૬ બોધું પણ નહીં.

૩૯૭ વણ ખપની વસ્તુ લઉં નહીં.

૩૯૮ નહાઉં નહીં.

૩૯૯ દાતણ કરૂં નહીં.

૪૦૦ સંસાર સુખ ચાહું નહીં.

૪૦૧ નીતિ વિના સંસાર ભોગવું નહીં.

૪૦૨ પ્રસિદ્ધ રીતે કુટિલતાથી ભોગ વર્ણવું નહીં.

૪૦૩ વિરહ ગ્રંથ ગુંથું નહીં.

૪૦૪ અયોગ્ય ઉપમા આપું નહીં.

૪૦૫ સ્વાર્થ માટે ક્રોધ કરૂં નહીં.

૪૦૬ વાદ યશ પ્રાપ્ત કરૂં નહીં.

૪૦૭ અપવાદથી ખેદ કરૂં નહી.

૪૦૮ ધર્મ દ્રવ્યનો ઉપયોગ કરી શકું નહીં.

૪૦૯ દશાંશ કે ધર્મમાં કાઢું.

૪૧૦ સર્વ સંગ પરિત્યાગ કરૂં.(પરમહંસ.)

૪૧૧ તારો બાંધેલો મારો ધર્મ વિસારૂં નહી.

૪૧૨ સ્વપ્નાનંદ ખેદ કરૂં નહીં.

૪૧૩ આજીવિક વિદ્યા શીખું નહીં.

૪૧૪ તપને વેચું નહીં.

૪૧૫ બે વખતથી વધારે જમું નહીં.

૪૧૬ સ્ત્રી ભેળો જમું નહીં.

૪૧૭ કોઈ સાથે જમું નહીં.

૪૧૮ પરસ્પર કવળ આપું નહીં લઉં નહીં.

૪૧૯ વધારે ઓછાં પથ્ય સાત્વન કરૂં નહીં.

૪૨૦ નિરાગીનાં વચનોને પુજ્ય ભાવે માન આપું.

૪૨૧ નિરાગી ગ્રંથો વાંચું.

૪૨૨ તત્વનેજ ગ્રહણ કરૂં.

૪૨૩ નિર્માલ્ય અધ્યયન કરૂં નહીં.

૪૨૪ વિચાર શક્તિને ખીલવું.

૪૨૫ જ્ઞાન વિના તારો ધર્મ અંગિકૃત કરૂં નહીં.

૪૨૬ એકાંત વાદ લઉં નહીં.

૪૨૭ નિરાગી અધ્યયનો મુખે કરૂં.

૪૨૮ ધર્મ કથા શ્રવણ કરૂં.

૪૨૯ નિર્યમિત કર્ત્તવ્ય મુંકું નહીં.

૪૩૦ અપરાધ શિક્ષા તોડું નહીં.

૪૩૧ યાચકની હાંસી કરૂં નહીં.

૪૩૨ સત્પાત્રે દાન આપું.

૪૩૩ દિનની દયા ખાઉં.

૪૩૪ દુ:ખીની હાંસી કરૂં નહીં.

૪૩૫ ક્ષમાપના વગર શયન કરૂં નહીં.

૪૩૬ આળસને ઉત્તેજન આપું નહીં.

૪૩૭ સૃષ્ટિક્રમ વિરૂદ્ધ કર્મ કરૂં નહીં.

૪૩૮ સ્ત્રી શય્યાનો ત્યાગ કરૂં.

૪૩૯ નિવૃત્તિ સાધન એ વિના સઘળું ત્યાગું છઉં.

૪૪૦ મર્મ લેખ કરૂં નહીં

૪૪૧ પર દુઃખે દાઝું.

૪૪૨ અપરાધી પર પણ ક્ષમા કરૂં.

૪૪૩ અયોગ્ય લેખ લખું નહીં.

૪૪૪ આ સુપ્રજ્ઞનો વિનય જાળવું.

૪૪૫ ધર્મ કર્તવ્યમાં દ્રવ્ય આપતાં માયા ન
કરૂં.

૪૪૬ નમ્ર વિરત્વથી તત્વ બોલું.

૪૪૭ પરમહંસની હાંસી કરૂં નહીં.

૪૪૮ આદર્શ જોઉં નહીં.

૪૪૯ આદર્શમાં જોઇ હસું નહીં.

૪૫૦ પ્રવાહી પદાર્થમાં મોહું જોઉં નહીં.

૪૫૧ છબી પડાવું નહીં.

૪૫૨ અયોગ્ય છબી પડાવું નહીં.

૪૫૩ અધિકારનો ગેર ઉપયોગ કરૂં નહીં.

૪૫૪ ખોટી હા કરૂં નહીં.

૪૫૫ ક્લેશને ઉત્તેજન આપું નહીં.

૪૫૬ નિંદા કરૂં નહી.

૪૫૭ કર્તવ્ય નિયમ ચુકું નહીં.

૪૫૮ દિવ્યચર્યાનો ગેર ઉપયોગ કરૂં નહીં.

૪૫૯ ઉત્તમ શક્તિને સાધ્ય કરૂં.

૪૬૦ શક્તિ વગરનું કૃત્ય કરૂં નહીં.

૪૬૧ દેશ કાળાદિને ઓળખું.

૪૬૨ કૃત્યનું પરિણામ જોઉં.

૪૬૩ કોઇનો ઉપકાર ઓળવું નહીં.

૪૬૪ મિથ્યા સ્તુતિ કરૂં નહીં.

૪૬૫ ખોટા દેવ સ્થાપું નહીં.

૪૬૬ કલ્પિત ધર્મ ચલાવું નહીં.

૪૬૭ સૃષ્ટિ સ્વભાવને અધર્મ કહું નહીં.

૪૬૮ સર્વ શ્રેષ્ઠ તત્વ લોધ્યનદાયક માનું.

૪૬૯ માનતા માનું નહીં.

૪૭૦ અયોગ્ય પુજન કરૂં નહીં.

૪૭૧ રાત્રે શીતળ જળથી નહાઉં નહીં.

૪૭૨ દિવસે ત્રણ વખત નહાઉં નહીં.

૪૭૩ માનની અભિલાષા રાખું નહીં.

૪૭૪ આલાપાદિ સેવું નહીં.

૪૭૫ બીજા પાસે વાત કરૂં નહીં.

૪૭૬ ટુંકું લક્ષ રાખું નહીં.

૪૭૭ ઉન્માદ સેવું નહીં.

૪૭૮ રોદ્રાદિ રસનો ઉપયોગ કરૂં નહીં.

૪૭૯ શાંત રસને નિંદુ નહીં.

૪૮૦ સત્કર્મમાં આડો આવું નહીં.

૪૮૧ પાછો પાડવા પ્રયત્ન કરૂં નહીં.

૪૮૨ મિથ્યા હઠ લઉં નહીં.

૪૮૩ અયાચકને દુઃખ આપું નહીં.

૪૮૪ ખોડીલાંની સુખ શાંતિ વધારૂં.

૪૮૫ નીતિશાસ્ત્રને માન આપું.

૪૮૬ હિંસક ધર્મને વળગું નહીં.

૪૮૭ અનાચારી ધર્મને વળગું નહીં.

૪૮૮ મિથ્યાવાદીને વળગું નહીં.
૪૮૯ શૃંગારી ધર્મને વળગું નહીં.
૪૯૦ અજ્ઞાન ધર્મને વળગું નહીં.
૪૯૧ કેવળ બ્રહ્મને વળગું નહીં.
૪૯૨ કેવળ ઉપાસના શેવું નહીં.
૪૯૩ નિયતવાદ શેવું નહીં.
૪૯૪ ભાવે સૃષ્ટિ અનાદિ અનંત કહું નહીં.
૪૯૫ દ્રવ્યે સૃષ્ટિ આદિ અંત કહું નહીં.
૪૯૬ પુરૂષાર્થીને નિંદુ નહીં.
૪૯૭ નિષ્પાપીને ચંચળતાથી છળુ નહીં.
૪૯૮ શરીરનો ભરૂસો કરૂં નહીં.
૪૯૯ અયોગ્ય વચને બોલાવું નહીં.
૫૦૦ આજીવિકા અર્થે નાટક કરૂં નહીં.
૫૦૧ મા બેનથી એકાંતે રહું નહીં.
૫૦૨ પૂર્વ સ્નેહીઓને ત્યાં આહાર લેવા જઉં નહીં.

૫૦૩ તત્વધર્મનિંદકપર પણ રોષ ધરવો નહીં.

૫૦૪ ધીરજ મુકવી નહીં.

૫૦૫ ચરિત્રને અદ્ભૂત કરવું.

૫૦૬ વિજય કીર્તિ યશ સર્વપક્ષી પ્રાપ્ત કરવાં.

૫૦૭ કોઇનો ઘર સંસાર તોડવો નહીં.

૫૦૮ અંતરાય નાંખવી નહીં.

૫૦૯ સુકલ ધર્મ ખંડવો નહીં.

૫૧૦ નિષ્કામ શીલ આરાધવું.

૫૧૧ ત્વરિત ભાષા બોલવી નહીં.

૫૧૨ પાપ ગ્રંથ ગુંથું નહીં.

૫૧૩ ક્ષાર સમય મૌન રહું.

૫૧૪ વિષય સમય મૌન રહું.

૫૧૫ કલેશ સમય મૌન રહું.

૫૧૬ જળ પીતાં મૌન રહું.

૫૧૭ જમતાં મૌન રહું.

૫૧૮ પશુ પદ્ધતિ જળપાન કરૂં નહીં.

૫૧૯ કુઃકો મારી જળમાં પડું નહીં.
૫૨૦ સ્મશાને વસ્તુ માત્ર ચાખું નહીં.
૫૨૧ ઉંધું શયન કરૂં નહીં.
૫૨૨ બે પુરૂષે સાથે સુતું નહીં.
૫૨૩ બે સ્ત્રિયે સાથે સુતું નહીં.
૫૨૪ શાસ્ત્રની અશાતના કરૂં નહીં.
૫૨૫ ગુરવાદિકની તેમજ.
૫૨૬ સ્વાર્થે યોગ તપ સાધું નહીં.
૫૨૭ દેશાટણ કરૂં.
૫૨૮ દેશાટણ કરૂં નહીં.
૫૨૯ ચોમાસુ સ્થિરતા કરૂં.
૫૩૦ સભામાં પાન ખાઉં નહીં.
૫૩૧ સ્વસ્ત્રિ સાથે મર્યાદા સિવાય ફરૂં નહીં.
૫૩૨ ભૂલનિ વિસ્મૃતિ કરવી નહીં.
૫૩૩ કં૦ કલાલ સોનીની દુકાને બેસવું નહીં.
૫૩૪ કારીગરને ત્યાં (ગુરૂ૯૧) જવું નહીં.
૫૩૫ તમાકુ શેવવી નહીં.

૫૩૬ સોપારી બે વખત ખાવી.

૫૩૭ ગોળ કુપમાં નહાવા પડું નહીં.

૫૩૮ નિરાશ્રિતને આશ્રય આપું.

૫૩૯ સમય વિના વ્યવહાર બોલવો નહીં.

૫૪૦ પુત્ર લગ્ન કરૂં.

૫૪૧ પુત્રિ લગ્ન કરૂં.

૫૪૨ પુનર્લગ્ન કરૂં નહીં.

૫૪૩ પુત્રિને ભણાવ્યા વગર રહું નહીં.

૫૪૪ સ્ત્રિ વિદ્યાશાળી શોધું. કરૂં.

૫૪૫ તેઓને ધર્મ પાઠ શીખડાવું.

૫૪૬ પ્રત્યેક ગ્રહે શાંતિ વિરામ રાખવાં.

૫૪૭ ઉપદેશકને સન્માન આપું.

૫૪૮ અનંત ગુણ ધર્મથી ભરેલી સૃષ્ટિ છે એમ માનું.

૫૪૯ કોઈ કાળે તત્વ વડે કરી દુનિયામાંથી દુઃખ જશે એમ માનું.

૫૫૦ દુઃખ અને ખેદ એ ભ્રમણા છે.

૫૫૧ માણસ ચાહે તે કરી શકે.

૫૫૨ શૂર, વીર્ય, બુદ્ધિ ઈ૦ નો સુખદ ઉપ-
યોગ કરૂં.

૫૫૩ કોઇ કાળે મને દુઃખી માનું નહીં.

૫૫૪ સૃષ્ટિનાં દુઃખ પ્રનાશન કરૂં.

૫૫૫ સર્વ સાધ્ય મનોર્થ ધારણ કરૂં.

૫૫૬ પ્રત્યેક તત્વજ્ઞાનીઓને પરમેશ્વર માનું.

૫૫૭ પ્રત્યેકનું ગુણ તત્વ ગૃહણ કરૂં.

૫૫૮ પ્રત્યેકના ગુણને પ્રફુલ્લીત કરૂં.

૫૫૯ કુટુંબને સ્વર્ગ બનાવું.

૫૬૦ સૃષ્ટિને સ્વર્ગ બનાવું તો કુટુંબને મોક્ષ
બનાવું.

૫૬૧ તત્વાર્થે સૃષ્ટિને સુખી કરતાં હું સ્વાર્થ
અર્પું.

૫૬૨ સૃષ્ટિના પ્રત્યેક (–) ગુણની વૃદ્ધિ કરૂં.

૫૬૩ ,, દાખલ થતાં સુધી પાપ પુન્ય
છે એમ માનું.

૫૬૪ એ સિદ્ધાંત તત્વ ધર્મનો છે નાસ્તીકતાનો નથી એમ માનું.

૫૬૫ હૃદય શોકિત કરૂં નહીં.

૫૬૬ વાત્સલ્યતાથી વૈરીને પણ વશ કરૂં.

૫૬૭ તું જે કરે છે તેમાં અસંભવ ન માનું.

૫૬૮ શંકા ન કરૂં; ઉથાપું નહીં; મંડન કરૂં.

૫૬૯ રાજા છતાં પ્રજાને તારે રસ્તે ચઢાવું.

૫૭૦ પાપીને અપમાન આપું.

૫૭૧ ન્યાયને ચાહું, વર્તું.

૫૭૨ ગુણાનિવિને માન આપું.

૫૭૩ તારો રસ્તો સર્વ પ્રકારે માન્ય રાખું.

૫૭૪ ધર્માલય સ્થાપું.

૫૭૫ વિદ્યાલય સ્થાપું.

૫૭૬ નગર સ્વચ્છ રાખું.

૫૭૭ વધારે કર નાંખું નહીં.

૫૭૮ પ્રજાપર વાત્સલ્યતા ધરાવું.

૫૭૯ કોઇ વ્યસન શેવું નહીં.

૫૮૦ બે સ્ત્રી પરણું નહીં.

૫૮૧ તત્વજ્ઞાનના પ્રયોજનિક અભાવે બીજી પરણું તે અપવાદ.

૫૮૨ બે ( ) પર સમભાવે જોઉં.

૫૮૩ શેવક તત્વજ્ઞ રાખું.

૫૮૪ અજ્ઞાન ક્રિયા તજી દઉં.

૫૮૫ જ્ઞાન ક્રિયા શેવવા માટે.

૫૮૬ કપટને પણ જાણવું.

૫૮૭ અસુયા શેવું નહીં.

૫૮૮ ધર્મ આજ્ઞા સર્વથી શ્રેષ્ટ માનું છઉં.

૫૮૯ સદ્ગતિ ધર્મનેજ શેવીશ.

૫૯૦ સિદ્ધાંત માંનીશ, પ્રણીત કરીશ.

૫૯૧ ધર્મ મહાત્માઓને સન્માન દઇશ.

૫૯૨ જ્ઞાનવિનાસઘળી યાચનાઓ ત્યાગું છઉં.

૫૯૩ ભિક્ષાચરી યાચના શેવું છઉં.

૫૯૪ ચતુર્માસે પ્રવાસ કરૂં નહીં.

૫૯૫ જેની તેં ના કહી તે માટે શોધું કે કારણ માગું નહીં.

૫૯૬ દેહઘાત કરૂં નહીં.

૫૯૭ વ્યાયામાદિ શેવીશ.

૫૯૮ પૌષધાદિક વ્રત્ત શેવું છઉં.

૫૯૯ બાંધેલો આશ્રમ શેવું છઉં.

૬૦૦ અકરણિય ક્રિયા જ્ઞાન સાધું નહીં.

૬૦૧ પાપ વ્યવહારના નિયમ બાંધું નહીં.

૬૦૨ ઘુત રમણ કરૂં નહીં.

૬૦૩ રાત્રે ક્ષાૈર કર્મ કરાવું નહીં.

૬૦૪ ઠાંસોઠાંસ સોડ તાણું નહીં.

૬૦૫ અયોગ્ય જાગૃતિ ભોગવું નહીં.

૬૦૬ રસ સ્વાદે તન ધર્મ મિથ્યા કરૂં નહી.

૬૦૭ એકાંત શારિર ધર્મ આરાધું નહીં.

૬૦૮ અનેક દેવ પુજું નહીં.

૬૦૯ ગુણ સ્તવન સર્વોત્તમ ગણું.
૬૧૦ સદ્‌ગુણનું અનુકરણ કરૂ.
૬૧૧ શૃંગારી જ્ઞાતા પ્રભુ માનું નહીં.
૬૧૨ સાગર પ્રવાશ કરૂ નહીં.
૬૧૩ આશ્રમ નિયમોને જાણું.
૬૧૪ ક્ષૌર કર્મ નિયમિત રાખવું.
૬૧૫ જ્વરાદિકમાં સ્નાન કરવું નહીં.
૬૧૬ જળમાં ડુબકી મારવી નહીં.
૬૧૭ કૃષ્ણાદિ પાપ લેશ્યાનો ત્યાગ કરૂં છઉં.
૬૧૮ સમ્યક્ સમયમાં અપધ્યાનનો ત્યાગ કરૂં છું.
૬૧૯ નામ ભક્તિ શેવીશ નહીં.
૬૨૦ ઉભાં ઉભાં પાણી પીઉં નહીં.
૬૨૧ અહાર અંતે પાણી પીઉં નહીં.
૬૨૨ ચાલતાં પાણી પીઉં નહીં.
૬૨૩ રાત્રે ગળ્યા વિના પાણી પીઉં નહીં.
૬૨૪ મિથ્યા ભાષણ કરૂ નહીં.

૬૨૫ સત્શાસ્ત્રોને સન્માન આપું.
૬૨૬ અયોગ્ય આંખે પુરૂષ નિરખું નહીં.
૬૨૭ અયોગ્ય વચન ભાખું નહીં.
૬૨૮ ઉઘાડે શીરે બેસું નહીં.
૬૨૯ વારંવાર અવયવો નિરખું નહીં.
૬૩૦ સ્વરૂપની પ્રશંસા કરૂ નહીં.
૬૩૧ કાયાપર ગૃધ્ર ભાવ રાચું નહીં.
૬૩૨ ભારે ભોજન કરૂં નહીં.
૬૩૩ તીવ્ર હૃદય રાખું નહીં.
૬૩૪ માનાર્થે કૃત કરૂં નહીં.
૬૩૫ કીર્ત્યાર્થે પુણ્ય કરૂં નહીં.
૬૩૬ કલ્પિત કથા દૃષ્ટાંત સત્ય કહું નહીં.
૬૩૭ અજાણી વાટે રાત્રે ચાલું નહીં.
૬૩૮ શક્તિનો ગેર ઉપયોગ કરૂં નહીં.
૬૩૯ સ્ત્રિ પક્ષે ધન પ્રાપ્ત કરૂં નહીં.
૬૪૦ વંધ્યાને માતુ ભાવે સત્કાર દેઉં
૬૪૧ અકૃત ધન લઉં નહીં.

૬૪૨ વળદાર પાઘડી બાંધું નહી.

૬૪૩ વળદાર ચલોટો પહેરૂ નહીં.

૬૪૪ મલિન વસ્ત્ર પહેરૂં.

૬૪૫ મૃત્યું પાછળ રાગથી રોવું નહી.

૬૪૬ વ્યાખ્યાન શક્તીને આરાધું.

૬૪૭ ધર્મનામ કલેશમાં પડું નહીં.

૬૪૮ તારા ધર્મ માટે રાજદ્વારે કેશ મુકું નહીં.

૬૪૯ બને ત્યાં સુધી રાજદ્વારે ચડું નહીં.

૬૫૦ શ્રીમંતાવસ્થાએ વિ૦ શાળાથી કરવું.

૬૫૧ નિર્ધનાવસ્થાનો શોક કરૂં નહીં.

૬૫૨ પર દુઃખે હર્ષ ધરૂ નહીં.

૬૫૩ જેમ બને તેમ ધવળ વસ્ત્ર સજું.

૬૫૪ દીવસે તેલ નાંખું નહીં.

૬૫૫ સ્ત્રિયે રાત્રે તેલ નાંખવું નહીં.

૬૫૬ પાપ પર્વે રોવું નહીં.

૬૫૭ ધર્મિ સુયશી એક કૃત કરવાનો મનોર્થી
ધરાવું છઉં.

૬૫૮ ગાળ સાંભળું પણ ગાળ દેઉં નહી.

૬૫૯ શુકલ એકાંતનું નિરંતર શેવન કરૂં છઉં.

૬૬૦ સર્વે ધાક મેળાપમાં જઉં નહીં.

૬૬૧ ઝાડ તળે રાત્રે શયન કરૂ નહીં.

૬૬૨ કુવા કાંઠે રાત્રે બેશું નહીં.

૬૬૩ ઐક્ય નિયમને તોડું નહીં.

૬૬૪ તન, મન, ધન, વચન અને આત્મ સમર્પણ કરૂં છઉં.

૬૬૫ મિથ્યા પર દ્રવ્ય ત્યાગું છઉં.

૬૬૬ અયોગ્ય શયન ત્યાગું છઉં.

૬૬૭ અયોગ્ય દાન ત્યાગું છઉં.

૬૬૮ બુદ્ધિની વૃદ્ધિના નિયમો તજુ નહીં.

૬૬૯ દાસત્વ પરમ લાભ ત્યાગું છઉં.

૬૭૦ ધર્મ ધુર્ત્તતા ત્યાગુ છઉં.

૬૭૧ માયાથી નિવર્ત્તું છઉં.

૬૭૨ પાપ મુક્ત મનોર્થે સ્મૃત કરૂં છઉં.

૬૭૩ વિદ્યાદાન દેતાં છલ ત્યાગું છઉં.

૬૭૪ સંતને સંકટ આપુ નહીં.

૬૭૫ અજાણ્યાને રસ્તો બતાવું.

૬૭૬ બે ભાવ રાખું નહીં.

૬૭૭ વસ્તુમાં સેળભેળ કરૂં નહીં.

૬૭૮ જીવ હિંસક વ્યાપાર કરૂ નહીં.

૬૭૯ ના કહેલા અથાણાદિક શેવું નહીં.

૬૮૦ એક કુળમાં કન્યા આપું નહીં, લઉં નહીં.

૬૮૧ સામાપક્ષના સગાં સ્વધર્મિ જ ખોળીશ.

૬૮૨ ધર્મ કર્ત્તવ્યમાં ઉત્સાહાદિનો ઉપયોગ કરીશ.

૬૮૩ આજીવિકા અર્થે સામાન્ય પાપ કરતાં પણ કંપતો જઇશ.

૬૮૪ ધર્મ મિત્રમાં માયા રચું નહીં.

૬૮૫ ચતુર્વર્ણિ ધર્મ વ્યવહારમાં ભુલીશ નહીં.

૬૮૬ સત્યવાદીને સહાયભૂત થઇશ.

૬૮૭ ધૂર્તત્યાગને ત્યાગું છઉં.

૬૮૮ પ્રાણીપર કોપ કરવો નહીં.

૬૮૯ વસ્તુનું તત્ત્વ જાણવું.

૬૯૦ સ્તુતિ ભક્તિ નિત્ય કર્મ વિશર્જન કરૂં નહીં.

૬૯૧ અનર્થે પાપ કરૂં નહીં.

૬૯૨ આરંભોપાધિ ત્યાગું છઉં.

૬૯૩ કુસંગ ત્યાગું છઉં.

૬૯૪ મોહ ત્યાગું છઉં.

૬૯૫ દોષનું પ્રાયશ્ચિત કરીશ.

૬૯૬ પ્રાયશ્ચિતાદિકની વિસ્મૃતિ નહીં કરૂં.

૬૯૭ સઘળા કરતાં ધર્મ વર્ગ પ્રિય માનીશ.

૬૯૮ તારો ધર્મ ત્રિકરણ શુદ્ધ શેવવામાં પ્રમાદ નહીં કરૂં.

૬૯૯

૭૦૦

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરૂદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરૂષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્‌દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમપદઃ—

" આત્મા છે. " જેમ ઘટપટઆદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટઆદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્ય-સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદઃ—

" આત્મા નિત્ય છે" ઘટપટઆદિ પદાર્થો અમુક કાળવર્ત્તિ છે. આત્મા ત્રિકાળવર્ત્તિ છે. ઘટપટાદિ ' સંયોગે કરી ' પદાર્થ છે. આત્મા 'સ્વભાવે કરીને' પદાર્થ છે, કેમકે તેની ઉત્પત્તિ માટે કોઇ પણ સંયોગો અનુભવ યોગ્ય થતા નથી. કોઇ પણ સંયોગી દ્રવ્યથી ચેતન-સત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઇ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેને કોઇને વિષે લય પણ હોય નહીં.

ત્રીજું પદઃ—

" આત્મા કર્ત્તા છે." સર્વ પદાર્થ અર્થ-ક્રિયા સંપન્ન છે. કંઇને કંઈ પરિણામક્રિયા-સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રીજિને

વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ 'નિજ સ્વરૂપનો કર્તા છે.' અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય-વિશેષ સંબંધસહિત) વ્યવહારથી તે આત્મા 'કર્મનો કર્ત્તા છે.' ઉપચારથી 'ઘર, નગર આદિનો કર્ત્તા છે'.

ચોથું પદઃ—

" આત્મા ભોક્તા છે " જે જે કંઇ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઇ પણ કરવામાં આવે છે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાવાથી વિષનું ફળ; સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હીમને સ્પર્શ કરવાથી હીમસ્પર્શનું જેમ ફળ થયાવિના રહેતું નથી, તેમ કષાયાદિ, કે અકષાયાદિ જે કંઇ પણ પરિણામે આત્મા પ્રવર્ત્તે તેનું ફળ પણ થવાયોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્ત્તા હોવાથી ભોક્તા છે. "

પાંચમું પદ:—

" મોક્ષપદ છે " જે અનુપચરિત-વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે, કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી-તેના અપરિચયથી-તેને ઉપશમ કરવાથી તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવાયોગ્ય દેખાય છે; ક્ષીણ થઇ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવાયોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ-આત્મસ્વભાવ તેરૂપ 'મોક્ષપદ છે.'

છઠ્ઠું પદ:—

" તે મોક્ષનો ઉપાય છે. " જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવા જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન

પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે,–ઉપશમ પામે છે–ક્ષીણ થાય છે, 'માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.'

શ્રી જ્ઞાનીપુરૂષોએ સમ્યગ્‌દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવાયોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે. તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવાયોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહ રહિત છે, એમ પરમપુરૂષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ-મમત્વભાવ-તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરૂષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્ન દશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ

જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગ્રુત થઈ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યગ્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઇ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ વિભાવપર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી એકયતા થઇ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે એમ, સ્પષ્ટ પ્રત્યક્ષ–અત્યંત પ્રત્યક્ષ–અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ–અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ મહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી, તે કૃતાર્થ થાય છે. જે જે પુરૂષોને 'એ ૭ પદ સપ્રમાણ' એવાં પરમ

પુરૂષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરૂષો સર્વ સ્વરૂપને પામ્યા છે. આધિ, વ્યાધિ, ઉપાધિ સર્વ સંગથી રહિત થયા છે, થાય છે, અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરૂષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરૂષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ–કરૂણાને નિત્યપ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે એવા સર્વ સત્પુરૂષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેના વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મ સ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઇ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરૂષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે,

કેમકે જેનો પ્રત્યુપકાર ન થઇ શકે એવો પરમાત્વભાવ તે જેણે કંઈ પણ ઇચ્છા વિના માત્ર નિષ્કારણ-કરૂણાશીલતાથી આપ્યો; એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે 'આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે,' એમ કદી જોયું નથી; એવા જે સત્પુરૂષ, તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !

જે સત્પુરૂષોએ સદ્‌ગુરૂની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરૂના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વછંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે તે ભક્તિને અને તે સત્પુરૂષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !

જો કદિ પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાન

નની ઉત્પત્તિ થઇ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન-સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર-જેના યોગે સહજ માત્રમાં જીવ પામવાયોગ્ય થયો, તે સત્પુરૂષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો. ! !

" શ્રીમદ્ રાજચંદ્ર "

આત્મસિદ્ધિશાસ્ત્ર.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરૂ ભગવંત.

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય.

કોઇ ક્રિયાજડ થઇ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઇ;
માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઇ.

બાહ્ય ક્રિયામાં રાચતાં, અંતર્ભેદ ન કાંઇ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહિ.

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહિ;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ.

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન.

ત્યાગ, વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભુલે નિજ ભાન.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ.

આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વવાણી, પરમશ્રુત, સદ્‌ગુરુલક્ષણ યોગ.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષજીન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મ વિચાર.

સદ્‌ગુરુના ઉપદેશવણ, સમજાય ન જીનરૂપ;
સમજ્યાવણ ઉપકાર શો? સમજયે જીનસ્વરૂપ.

આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર.

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ.

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ.

પ્રત્યક્ષ સદ્‌ગુરૂયોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.

સ્વચ્છંદ, મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરૂલક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરૂશરણમાં, અલ્પ પ્રયાસે જાય.

જે સદ્‌ગુરૂ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરૂ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન.

એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઇ સુભાગ્ય.

અસદ્‌ગુરૂએ વિનયનો, લાભ લહે જો કાંઇ;
મહામોહિનિય કર્મથી, બુડે ભવજળ માંહી.

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર.

હોય મતાર્થી તેહને, થાય ન આતમ લક્ષ.
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ.

मतार्थीलक्षण.

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહીં, તે માને ગુરૂ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરૂમાંજ મમત્વ.

જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકિ રહે નિજ બુદ્ધિ.

પ્રત્યક્ષ સદ્ગુરૂયોગમાં, વર્ત્તે દ્રષ્ટિ વિમુખ;
અસદ્ગુરૂને દ્રઢ કરે, નિજમાનાર્થે મુખ્ય.

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજમતવેપનો, આગ્રહ મુક્તિનિદાન.

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન.

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્વ્યવહારને, સાધન રહિત થાય.

જ્ઞાનદશા પામ્યો નહીં, સાધનદશા ન કાંઇ;
પામે તેનો સંગ જે, તે બુડે ભવમાંહિ.

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહીં પરમાર્થને, અન અધિકારીમાંજ;

નહીં કષાય ઉપશાંતતા, નહીં અંતર્વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા એ મતાર્થી દુર્ભાગ્ય.

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ.

આત્માર્થીલક્ષણ.

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરૂ હોય;
બાકી કુળગુરૂકલ્પના, આત્માર્થી નહીં જોય.

પ્રત્યક્ષ સદ્‌ગુરૂપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર.

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમારથને, તે વ્યવહાર સમંત.

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરૂ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.

દશા ન એવી જ્યાંસુધી, જીવ લહે નહીં જોગ;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ.

આવે જ્યાં એવી દશા, સદ્ગુરૂબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઇ, પામે પદ નિર્વાણ.

ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય.
ગુરૂશિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ આંહિ.

षट्पदनामकथन.

'આત્મા છે,' 'તે નિત્ય છે,' છે કર્તા નિજકર્મ;
'છે ભોક્તા,' વળી 'મોક્ષ છે,' મોક્ષ ઉપાય સુધર્મ.

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ.

शंका--शिष्य उवाच.

शिष्य प्रथम स्थानकनी शंका करे छेः—

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ.

અથવા દેહજ આત્મા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જૂદું એંધાણ.

વળી જો આત્મા હોય તો, જણાય તે નહીં કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ.

માટે છે નહીં આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકાતણો, સમજાવો સદુપાય.

समाधान-सद्गुरु उवाच.

'आत्मा छे' एम सद्गुरु समाधान करे छेः—

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન.

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ આસિ ને મ્યાન.

જે દ્રષ્ટા છે દ્રષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન.

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિ પ્રાણ;
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્ત્તે જાણ.

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટ રૂપ ચતન્યમય, એ એંધાણે સદાય.

ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહીં, કહિયે કેવું જ્ઞાન ?

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ.

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ.

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ.

शंका—शिष्य उवाच.

आत्मा नित्य नथी, एम शिष्य कहे छे:-

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર.

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહયોગથી ઉપજે, દેહવિયોગે નાશ.

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય.

समाधान–सद्गुरु उवाच.

'आत्मा नित्य छे,' एम समाधान करे छेः–

દેહ માત્ર સંયોગ છે, વળી જડ, રૂપી, દ્રશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય;

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન.

જે સંયોગો દેખિયે, તે તે અનુભવદૃશ્ય;
ઉપજે નહીં સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ.

જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઇને, ક્યારે કદી ન થાય.

કોઇ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઇમાં, તેથી 'નિત્ય' સદાય.

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મસંસ્કાર તે, જીવનીત્યતા ત્યાંય.

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય.

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહીં, કર અનુભવ નિર્ધાર.

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ.

शंका–शिष्य उवाच.

आत्मा कर्मनो कर्त्ता नथी, एम शिष्य कहे छेः–

કર્તા જીવ ન કર્મનો, કર્મજ કર્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ.

આત્મા સદા અસંગને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ.

માટે મોક્ષ-ઉપાયનો, કોઇ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહીં, કાં નહીં જાય?

समाधान-सद्गुरु उवाच.

कर्मनुं कर्त्तापणुं आत्माने जे प्रकारे छे ते प्रकारे समाधान सद्गुरु करे छेः-

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ.

જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહીં, તેમજ નહીં જીવધર્મ

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ.

કર્ત્તા ઇશ્વર કો નહીં, ઇશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઇશ્વર દોષ પ્રભાવ.

ચેતન જો નિજભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;
વર્તે નહીં નિજભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ.

शंका-शिष्य उवाच.

ते कर्मनुं भोक्तापणु जीवने नहीं होय?
एम शिष्य कहे छेः-

જીવ કર્મકર્તા કહો, પણ ભોક્તા નહીં સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય !

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય.

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત્‌નિયમ નહીં હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહીં કોય.

समाधान-सद्गुरु उवाच.

जीवने पोताना करेलां कर्मनुं भोक्तापणु
छे, एम सद्गुरु समाधान करे छेः-

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ.

ઝેર, સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય.

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણવિના ન કાર્ય તે, એજ શુભાશુભવેદ્ય.

ફળદાતા ઇશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર.

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ.

शंका–शिष्य उवाच.

जीवनो ते कर्मथी मोक्ष नथी, एम शिष्य कहे छेः–

કર્તા, ભોક્તા જીવ હો, પણ તેનો નહીં મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ.

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય.

समाधान-सद्गुरु उवाच.

ते कर्मथी जीवनो मोक्ष थइ शके छे,

एम समाधान करे छेः-

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ.

વિત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષસ્વભાવ.

દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ.

शंका-शिष्य उवाच.

मोक्षनो उपाय नथी, एम शिष्य कहे छेः-

હોય કદાપિ મોક્ષપદ, નહીં અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતના, શાથી છેદ્યાં જાય?

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો? બને ન એહ વિવેક.

કઈ જાતિમાં મોક્ષ છે. કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને. ઘણા ભેદ એ દોષ.

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ-ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકારજ થાય?

समाधान–सद्गुरु उवाच.

मोक्षनो उपाय छे एम समाधान करे छे.

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ-ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય.

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત.

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ.

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત.

રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તેજ મોક્ષનો પંથ.

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત;
જેથી કેવળ પામીયે, મોક્ષપંથ તે રીત,

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહિનિય, હણાય તે કહું પાઠ.

કર્મ મોહિનિય ભેદ બે, દર્શન, ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચુક ઉપાય આમ.

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ ?

છોડી મત દર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.

ષટ્પદના ષટ્પ્રશ્ન તેં, પૂછયા કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિરધાર;

જાતિ વેષનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ.

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્ત્તે અંતરશોધ.

મત દર્શન આગ્રહ તજી, વર્ત્તે સદ્‌ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિતતે, જેમાં ભેદ ન પક્ષ.

વર્ત્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત.

વર્ધમાન સમકિત થઇ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચરિત્રનો, વીતરાગપદ વાસ.

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં સમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.

છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્ત્તા તું કર્મ;
નહીં ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.

એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.

શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું ? કર વિચાર તો પામ.

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજસમાધિમાંય.

શિષ્ય બોધબીજપ્રાપ્તિ કથન.

સદ્ગુરૂના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન.

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીતસ્વરૂપ.

કર્ત્તા, ભોકતા કર્મનો, વિભાવ વર્ત્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય.

અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ.

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરૂ, કરૂણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યા, અહો ! અહો ! ઉપકાર.

શું પ્રભુચરણ કને ધરૂં, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીયો, વર્ત્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્ત્તો પ્રભુઆધીન;
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભીન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

ઉપસંહાર.

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઇ.

આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્ગુરૂ વૈદ્ય સુજાણ
ગુરૂઆજ્ઞાસમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઇ, છેદો નહીં આત્માર્થ.

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથ રહેલ.

ગચ્છ મતની જે કલ્પના, તે નહીં સદ્વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર.

આગળ જ્ઞાની થઇ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહીં કોય;

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્ગુરૂઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય.

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.

મુખથી જ્ઞાન કથે અને, અંતરછુટયો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ.

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુઘટ વિષે, એહ સદાય સુજાગ્ય.

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી કહિયે ભ્રાંત.

સકળ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્નસમાન;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન.

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહીં સંદેહ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

સં. ૧૯૫૨ના આશ્વિન વદ ૧, ગુરૂવારે, નડિયાદ.

ૐ સત્

દોહરા.

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ? ૨

નથી આજ્ઞા ગુરૂદેવની. અચળ કરી ઉરમાંહિ;
આપ તણો વિશ્વાસ દ્રઢ, ને પરમાદર નાંહિ. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્ સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.૪

'હું પામર શું કરી શકું,' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.૬

અચળ રૂપ આશક્તિ નહિ, નહિ વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ.૭

ભક્તિ માર્ગ પ્રવેશ નહિ, નહિ ભજન દૃઢ ભાન;
સમજ નહિ નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોએ નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહિ, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહિ;
નહિ ઉદાસ અન ભક્તથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહિ;
નથી નિવૃત્તિ નિર્મળપણું, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્ગુણ પણ મુખ બતાવું શુંય? ૧૩

કેવળ કરૂણા-મૂર્ત્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરૂ સંત્તને, મુક્યું નહિ અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઇ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય! ૧૭

પ્રભુ, પ્રભુ લય લાગી નહિ, પડ્યો ન સદ્‌ગુરૂપાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯

પડી પડી તુજ પદ પંકજે, ફરિ ફરિ માગું એજ;
સદ્‌ગુરૂ સંત, સ્વરૂપ તુજ, એ દૃઢતા કરિ દેજ. ૨૦

ભાદરવા સુદ ૯-૧૯૪૭.

શ્રી સદ્‌ગુરૂ ચરણાય નમઃ

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃતિ અખંડ સન્મુખ,
મૂળ મારગ સાંભળો જિનનો રે.
નોય પૂજાદિની જો કામના રે,
નોય વ્હાલું અંતર ભવ દુઃખ. મૂળ૦
કરી જો જો વચનની તુલના રે,
જો જો શોધીને જિન સિદ્ધાંત. મૂળ૦
માત્ર કહેવું પરમાર્થ હેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦
જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એક પણે અને અવિરૂદ્ધ. મૂળ૦
જિન મારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ, મૂળ૦
લિંગ અને ભેદો જે વૃતના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ. મૂળ૦

પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તેતો ત્રણે કાળે અભેદ. મૂળ૦

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,
સંક્ષેપે શુણો પરમાર્થ, મૂળ૦

તેને જોતાં વિચારિ વિશેષથી રે,
સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦

છે દેહાદિથી ભિન્ન આત્મારે,
ઉપયોગી સદા અવિનાશ. મૂળ૦

એમ જાણે સદ્‌ગુરૂ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂળ૦

જે જ્ઞાને કરીને જાણિયું રે,
તેની વર્તી છે શુદ્ધ પ્રતીત. મૂળ૦

કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકીત. મૂળ૦

જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ. મૂળ૦

તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ. મૂળ૦

તે ત્રણ અભેદ પરિણામથી રે,
જ્યારે વર્ત્તે તે આત્મારૂપ, મૂળ૦

તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ. મૂળ૦

એવા મુળ જ્ઞાનાદિ પામવા રે;
અને જવા અનાદિ બંધ. મૂળ૦

ઉપદેશ સદ્દગુરૂનો પામવો રે,
ટાળી સ્વછંદને પ્રતિબંધ. મૂળ૦

એમ દેવ જિનંદે ભાખિયું રે,
મોક્ષ મારગનું શુદ્ધ સ્વરૂપ. મૂળ૦

ભવ્ય જનોના હિતને કારણે રે,
સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦

આત્મસિદ્ધિ શાસ્ત્રકાર ગુણસ્થાનક

ક્રમ.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તિક્ષ્ણ છેદીને.
વિચરશું ક્વ મહત્પુરૂષને પંથ જો ? અ.

સર્વ ભાવથી ઔદાસીનવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અ.

દર્શનમોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્ત્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અ.

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્ત્તે દેહપર્યંત જો:
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અ.

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીનજો.
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અ.

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો. અ.

ક્રોધપ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માનપ્રત્યે તો દીનપણાનું માન જો;
માયાપ્રત્યે માયા સાક્ષી ભાવની.
લોભપ્રત્યે નહીં લોભ સમાન જો. અ.

બહુ ઉપસર્ગકર્ત્તાપ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદેચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં.
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અ.

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ, કે અંગે શૃંગાર નહીં
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અ.

શત્રુ મિત્રપ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તેજ સ્વભાવ જો;
જીવિત, કે મરણે નહીં ન્યુનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અ.

એકાકી વિચરતો વળી શ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અ.

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ, કે રિદ્ધિ વૈમાનિકદેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અ.

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો અ.

મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઇ.
પ્રગટાવું નિજ કેવલજ્ઞાન નિધાન જો. અ.

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અ.

વેદનીઆદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે.
આયુષ પૂર્ણે મટિયે દૈહિકપાત્ર જો. અ૦

મન વચન કાયા ને કર્મની વર્ગણા,
છુટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગિગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અ૦

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણકલંકરહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચેતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અ૦

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન, અનંત સહિત જો. અ૦

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અ.

એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો. અ.

સ્વાત્મવૃત્તાંતોપયોગીપદ.

ધન્યરે દીવસ આ અહો,
જાગીરે શાંતિ અપૂર્વ રે;
દશ વર્ષે રે ધારા ઉલસી,
મટ્યો ઉદય કર્મનો ગર્વરે. ધન્ય૦

ઓગણીસેં ને એકત્રીસેં,
આવ્યો અપૂર્વ અનુસારરે;
ઓગણીસેં ને બેતાલીસેં;
અદ્‌ભુત વૈરાગ્ય ધારરે. ધન્ય૦

ઓગણીસેં ને સુડતાલીસેં,
સમકીત શુદ્ધ પ્રકાશ્યુંરે;
શ્રુત અનુભવ વધતી દશા,
જિનસ્વરૂપ અવભાસ્યુંરે. ધન્ય૦

ત્યાં આવ્યોરે ઉદય કારમો,
પરીગ્રહ કાર્ય પ્રપંચરે;
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે રંચરે. ધન્ય૦

વધતું એમ જ ચલિયું,
હવે દીસે ક્ષીણ કાંઇરે;
ક્રમે કરીનેરે તે જશે,
એમ ભાસે મનમાંહિરે. ધન્ય૦

યથા હેતુ જે ચિત્તનો,
સત્યધર્મનો ઉદ્ધારરે;
થશે અવશ્ય આ દેહથી,
એમ થયો નિરધારરે. ધન્ય૭

આવી અપૂર્વ વૃત્તિ અહો,
થશે અપ્રમત્ત યોગરે;
કેવળ લગભગ ભૂમિકા,
સ્પર્શીને દેહ વિયોગરે. ધન્ય૮

અવશ્ય કર્મનો ભોગ છે,
ભોગવવો અવશેષરે;
તેથી દેહ એક જ ધારીને,
જાશું સ્વરૂપ સ્વદેશરે. ધન્ય૯

(અંગત)

ક્ષમાપના.

હે ભગવાન ? હું બહુ ભુલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનોને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્વને મેં વિચાર કર્યાં નહીં. તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીળને સેવ્યું નહીં, તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવાન્ ? હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો, અને અનંત સંસારની વિટમ્બણામાં પડયો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મ રજથી કરીને મલીન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વો વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું. અજ્ઞાનથી અંધ થયો છું. મારામાં વિવેક શક્તિ નથી. અને હું મૂઢ છું. નિરાશ્રિત છું. અનાથ છું. નિરાગી પરમાત્મા ! હવે હું તમારૂં; તમારા ધર્મનું; અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઇ; હું તે સર્વ પાપથી

મુક્ત થઉં; એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરૂં છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઉંડો ઉતરૂં છું. તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી; નિર્વિકારી; સત્‌ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની; અનંતદર્શી; અને ત્રૈલોક્ય પ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહુંછું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય; તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું; એજ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ હે સર્વજ્ઞ ભગવાન? તમને હું વિશેષ શું કહું તમારાથી કાંઇ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું-ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(સમાપ્ત.)